# કર્મગ્રંથ-૬

## પ્રશ્નોત્તરી ભાગ-૧

લેખક-સંપાદક

પન્યાસ પ્રવર શ્રી નરવાહન વિજયજી ગણિવર્ય






પ્રશ્નોત્તરી ગ્રંથમાળા પ્રકાશન નં-૧૮

# કર્મગ્રંથ-૬ ભાગ-૧

લેખક-સંપાદક
પૂજ્ય પન્યાસ પ્રવર
શ્રી નરવાહન વિજયજી ગણિવર્ય

પ્રકાશક
પદાર્થ દર્શન ટ્રસ્ટ
આશ્રમરોડ-અમદાવાદ

મુદ્રક
ભવાની ગ્રાફીકસ
૯/૧૦૪, આનંદનગર એપાર્ટમેન્ટ,
નવા વાડજ અમદાવાદ-૧૩

**પ્રશ્નોત્તરી વિભાગ**

પુસ્તક-૧૮

કર્મગ્રંથ-૬ ભાગ-૧

વીર સં-૨૫૨૧

સને-૧૯૯૫

સંવત-૨૦૫૧

જેઠ સુદી-૨

કિંમત રૂા ૨૧-૦૦



સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન



**લેખક-સંપાદક**

કર્મ સાહિત્ય નિષ્ણાત, સિધ્ધાંત મહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ, સ્વ પૂજય આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરિશ્વરજી મહારાજાના પટ્ટધર, પરમ શાસન પ્રભાવક, પરમતારક, સૂરિચક્રચક્રવર્તિ, સુવિશાળગચ્છાધિપતિ, પ્રચંડપૂણ્ય અને પ્રૌઢ પ્રતિભાના સ્વામી, વ્યાખ્યાન વાચસ્પતિ, દિક્ષાના દાનવીર, આચાર્યદેવેશ શ્રીમદ્‌ વિજયરામચંદ્રસૂરિશ્વરજી મહારાજાના પરમ વિનેય શિષ્ય રત્ન કર્મ સાહિત્ય જ્ઞાતા પન્યાસપ્રવર શ્રી નરવાહન વિજયજી ગણિવર્ય


## સૂચના

આ પ્રસંગે એક સ્પષ્ટતા કરવી અત્યંત જરૂરી છે કે જ્ઞાનદ્રવયનો ઉપયોગ મુખ્યતાએ પ્રાચીન ગ્રંથોના હસ્તલેખન, જ્ઞાનભંડારોની જાળવણી, પૂજય સાધુ સાધ્વી ભગવંતોના અધ્યયનની વ્યવસ્થા આદિમાં સમુચિત રીતે જ કરવો યોગ્ય છે. આવા ગ્રંથોનું પ્રકાશન કરવાનું કર્તવ્ય જો કે યથાશક્તિ શ્રાવકોએજ અદા કરવાનું છે. તે શકય ન હોય અને જ્ઞાન દ્રવ્યનો ઉપયોગ અનિવાર્ય બને તો પણ એમાં જરૂરી મર્યાદાનું પાલન આવશ્યક છે. તેથીજ પૂજય સાધુ સાધ્વી ભગવંતો તથા શ્રી સંઘો હસ્તકના શ્રી જ્ઞાન ભંડારોનેજ ગ્રંથ સાદર સમર્પિત કરાશે. ગ્રહસ્થોએ ગ્રંથ વસાવવો હોયતો તેનું પુરૂંમુલ્ય શ્રીજ્ઞાનખાતે અર્પણ કરીને જ વસાવવો અને શ્રી જ્ઞાન ભંડારમાંથી વાંચન કરવા માટે ઉપયોગ કરવો હોયતો તેનો યોગ્ય નકરો શ્રી જ્ઞાનખાતે આપવા ચૂકવું નહિ. જેથી કોઈપણ પ્રકારના દોષના ભાગીદાર ન થવાય.

# પ્રકાશકીય

કર્મનો વિષય જેમ ગહન છે તેજ રીતે ગણિતનો વિષય પણ ગહન છે અને આ બન્ને ગહન વિષયો કર્મગ્રંથ-૬માં ભેગા છે એટલે તેની ગહનતા દુગુણી બની જવા પામી છે, છતાં જેમને તેની ચાવીઓ હાથ લાગી જાય છે, તેમને મનતો વિશ્વના સર્વશ્રેષ્ઠ પુસ્તકોના વાંચનમાંથી મળતા આનંદ કરતાં પણ અધિકો આનંદ આ વાંચનમાં મળે છે. શબ્દો આંખ સામે દેખાય અને મગજના કોમ્પ્યુટરમાં આબાદ રીતે તેની ગણતરી થતીજ આવે. આમ આ કર્મગ્રંથ-૬ એ તો આનંદ-જ્ઞાન અને મનની સ્થિરતાનો ત્રિવેણી સંગમ છે.

ખરા અર્થમાં તો સાહિત્યજ એને કહેવાય કે જેમાં એકાંતે જીવોના હિતની-કલ્યાણનીજ વાતો હોય. આવા સાહિત્યમાં તત્વજ્ઞાનનું સ્થાન મોખરાનુંછે. એમાંપણ કર્મનો વિષય વિશેષ ઊંડાણમાં લઈ જનારૂં તત્વજ્ઞાન છે. એટલે કલ્યાણકાંક્ષી જીવોએ તો પોતાની શક્તિ મુજબ તેની સમજ મેળવવી જ રહી.

અભ્યાસીઓ ઓછી મહેનતે વધુ સારી રીતે આ વિષયને સમજી શકે, તે આશયને સતત નજર સામે રાખીને **પૂજ્ય પન્યાસ પ્રવર શ્રી નરવાહન વિજયજી ગણિવર્યે** આ પુસ્તકની વસ્તુના શકય તેટલા તમામ પ્રશ્નો ઉપસ્થિત કરીને તેના જવાબો બને તેટલા સરળ ભાષામાં અને સારી રીતે સમજી શકાય તે રીતે ખૂબજ શ્રમ વેઠીને આ પુસ્તકમાં રજુ કરેલ છે તે માટે અમો પૂજ્યશ્રી નો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે.

આ પુસ્તક આમતો ખૂબ વહેલું પ્રકાશિત કરવાનું હતું પરંતુ સંજોગોવશાત્ તે બની શકયું નથી. પરંતુ આ પુસ્તક માટેની વાત થયેલી તેજ વખતે આ પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ ખર્ચ આપનાર શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘના ટ્રસ્ટીઓનો અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ અને તે સંઘના ટ્રસ્ટી સાહેબોનો ભવિષ્યમાં પણ આવા સાહિત્ય પ્રકાશનમાં અમને સહકાર મળતો રહેશે એવી આશા રાખીએ છીએ.

**પદાર્થ દર્શન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ**

# આર્થિક સહયોગ

શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંબર
મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ
(શ્રી જ્ઞાન ખાતામાંથી)
નવરોજી લેન-ઘાટકોપર
(વેસ્ટ) મુંબઈ.

શ્રી ચોપાટી જૈન સંઘ
જ્ઞાન ખાતા માંથી
સાદર સમર્પણ.

# પ્રાપ્તિ સ્થાનો

**પદાર્થ દર્શન ટ્રસ્ટ**

C/O ભરતભાઈ બી. શાહ
એ, સરિતા દર્શન,
જયહિંદ પ્રેસ સામે, આશ્રમ રોડ,
અમદાવાદ - ૩૮૦૦૦૯.
ટે.નં. ૪૦૨૩૩૭

**અશ્વિનભાઈ એસ. શાહ**
૧૧, સુખસાગર એપાર્ટમેન્ટ,
સુખીપુરા રેલ્વે ક્રોસીંગ પાસે,
જૈનનગર પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭

**જયંતિલાલ પી. શાહ**
૬૯૬, નવા દરવાજા રોડ,
મયાભાઈની બારી પાસે,
ડી. વાડીલાલ એન્ડ કું ના મેડા ઉપર
ખાડીયા ચાર રસ્તા,
અમદાવાદ - ૩૮૦૦01

**સુનીલભાઈ કે. શાહ**
૪/૪૩ પહેલે માળે.
સૂર્યનગર હાઉસીંગ સોસાયટી,
સહરાનો દરવાજો,
સુરત - ૧૦.

**સુરેશભાઈ હીરાલાલ વખારીયા**
ડી - ૫૩, સર્વોદય નગર
૫મે માળે, પાંજરાપોળ રોડ,
મુંબઈ - ૪૦૦૦૦૪.
ટે.નં. ૩૭૫૩૮૪૮

## પૂજ્ય પન્યાસશ્રીના પ્રકાશિત થયેલા પ્રકાશનો

| | ક્રમ | પુસ્તક | | | રૂા. પૈસા |
|---|---|---|---|---|---|
| | ૧. | જીવવિચાર | (બીજી આવૃતિ) | પ્રશ્નોત્તરી | ૨૦-૦૦ |
| ● | ૨. | દંડક | | ” | ૪-૦૦ |
| | ૩. | નવતત્વ | (બીજી આવૃત્તિ) | ” | ૨૬-૦૦ |
| ● | ૪. | કર્મગ્રંથ-૧ | | ” | ૬-૦૦ |
| ● | ૫. | કર્મગ્રંથ-૨ | | ” | ૭-૦૦ |
| | ૬. | કર્મગ્રંથ-૩ | (બીજી આવૃત્તિ) | ” | ૨૩-૦૦ |
| ● | ૭. | કર્મગ્રંથ સત્તાપ્રકરણ | | ” | ૧૦-૦૦ |
| ● | ૮. | ઉદય સ્વામિત્વ | | ” | ૧૫-૦૦ |
| ● | ૯. | કર્મગ્રંથ-૪ ભાગ-૧ | | ” | ૧૫-૦૦ |
| | ૧૦. | કર્મગ્રંથ-૪ ભાગ-૨ | | ” | ૧૫-૦૦ |
| | ૧૧. | કર્મગ્રંથ-૫ ભાગ-૧ | | ” | ૧૫-૦૦ |
| | ૧૨. | કર્મગ્રંથ-૫ ભાગ-૨ | | ” | ૧૫-૦૦ |
| ● | ૧૩. | લઘુ સંગ્રહણી | | ” | ૬-૦૦ |
| | ૧૪. | જીવવિચાર-દંડક-લઘુ સંગ્રહણી | (બીજી આવૃત્તિ) | ” | ૪૦-૦૦ |
| | ૧૫. | કર્મગ્રંથ-૫ ભાગ-૩ | | ” | ૨૫-૦૦ |
| | ૧૬. | કર્મગ્રંથ-૫ ભાગ-૪ | | ” | ૧૮-૦૦ |
| | ૧૭. | કર્મગ્રંથ ૧ તથા ૨ | | ” | ૨૫-૦૦ |
| | ૧૮. | કર્મગ્રંથ-૬ ભાગ-૧ | | ” | ૨૧-૦૦ |
| | ૧. | જીવવિચાર | (બીજી આવૃત્તિ) | વિવેચન | ૧૬-૦૦ |
| | ૨. | નવતત્વ | (બીજી આવૃત્તિ) | ” | ૨૦-૦૦ |
| | ૩. | કર્મગ્રંથ-૧ | | ” | ૧૫-૦૦ |
| | ૪. | ચૌદ ગુણસ્થાનક | | ” | ૧૬-૦૦ |
| | ૫. | શ્રી જ્ઞાનાચાર | | ” | ૧૬-૦૦ |
| | ૬. | શ્રી જંબૂસ્વામી ચરિત્ર | | ” | ૨૧-૦૦ |
| | ૭. | દુર્ધ્યાન સ્વરૂપ દર્શન | (બીજી આવૃત્તિ) | ” | ૨૬-૦૦ |
| | ૮. | શ્રી જિનપૂજા | | ” | ૪-૦૦ |

● આ નિશાનીવાળા પુસ્તકો અલભ્ય છે.

# સપ્તતિકા નામા ષષ્ઠ કર્મ ગ્રંથ

## પ્રશ્નોત્તરી ભાગ-૧

૧. આ ગ્રંથનું નામ સપ્તતિકા શા માટે છે ?

ઉ. આ ગ્રંથની મૂલ સીતેર (૭૦) ગાથાઓ છે તેથી સપ્તતિકા નામ છે.

૨. આ ગ્રંથમાં શું શું જણાવાશે ?

ઉ. મૂલકર્મો તથા તેની ઉત્તર પ્રકૃતિઓનાં બંધસ્થાનો, ઉદય સ્થાનો, સત્તા સ્થાનો તથા દરેકના ભાંગા (વિકલ્પો) એટલે કે બંધ ભાંગા, ઉદય ભાંગા તથા ઉદયપદ, પદવૃંદ ચોવીશી ભાંગા, ષોડશક ભાંગા, અષ્ટક ભાંગા તથા સંવેધ ભાંગાઓનું વર્ણન જણાવેલ છે.

૩. બંધસ્થાનક કોને કહેવાય ?

ઉ. કોઈપણ એક કાળે (સમયે) જીવને બંધાતી પ્રકૃતિઓનો જે સમુદાય તે.

૪. ઉદય સ્થાનક કોને કહેવાય ?

ઉ. કોઈપણ એક કાળે (સમયે) એક જીવને વેદાતી (ઉદયમાં ભોગવાતી) પ્રકૃતિઓનો સમુદાય તે.

૫. સત્તા સ્થાનક કોને કહેવાય ?

ઉ. કોઈપણ એક કાળે (સમયે) એક જીવને સત્તામાં રહેલી પ્રકૃતિઓનો સમુદાય તે.

૬. બંધ ભાંગા કોને કહેવાય ?

ઉ. પ્રતિપક્ષી પ્રકૃતિઓનું વિભાગીકરણ કરવાપૂર્વક એક સમયે એક જીવને બંધાતી પ્રકૃતિઓનો સમુદાય તે.

૭. ઉદય ભાંગા કોને કહેવાય ?

ઉ. પ્રતિપક્ષી પ્રકૃતિઓનું વિભાગીકરણ કરવાપૂર્વક એક સમયે એક જીવને વેદાતી (અનુભવાતી) પ્રકૃતિઓ તે અર્થાત ચોવીશને ચોવીશ ગુણા કરીએ તે ઉદય ભાંગા.

૮. ઉદય પદ કોને કહેવાય ?

ઉ.	મોહનીય કર્મના ઉદય ભાંગાના એક એક ના જે પદ (શબ્દ) તેનો જે સમુદાય તે ઉદય પદ. અર્થાત ઉદય સ્થાનકને ચોવીશીએ ગુણીએ તો ઉદયપદ આવે.

૯.	પદવૃંદ કોને કહેવાય ?

ઉ.	ઉદયપદને ચોવીશ ગુણા કરીએ તે પદવૃંદ અર્થાત કોઈપણ એક ઉદય ચોવીશી ભાંગામાં આવેલી પ્રકૃતિઓનો સમુદાય તે.

૧૦.	ચોવીશી ભાંગા એટલે શું ?

ઉ.	ચોવીશ - ચોવીશ ભાંગાઓનો સમુદાય તે.

૧૧.	ષોડશક ભાંગા કોને કહેવાય ?

ઉ.	સોળ સોળ ઉદય ભાંગાઓનો સમુદાય તે.

૧૨.	અષ્ટક ભાંગા એટલે શું ?

ઉ.	આઠ-આઠ ઉદય ભાંગાઓનો સમુદાય તે.

૧૩.	સંવેધ ભાંગા એટલે શું ?

ઉ.	બંધ-ઉદય અને સત્તા સ્થાનોનો સંકલનાપૂર્વક વિચાર કરવો તે સંવેધ ભાંગા.

*સિધ્ધ પએહિં મહત્થં*
*બંધોદય સંત પયડિ ઠાણાણં ।*
*વુચ્છં સુણ સંખેવં*
*નીસંદં દિટ્ઠિવાયસ્સ ॥૧॥*

ભાવાર્થ : સિધ્ધ છે પદો જેમાં એવા ગ્રંથો થકી બંધ-ઉદય-સત્તા પ્રકૃતિનાં સ્થાનોનાં મોટા અર્થવાળા દષ્ટિવાદના ઝરણાં રૂપ સંક્ષેપને હું કહીશ તે તું સાંભળ ॥૧॥

૧૪.	કયા કયા ગ્રંથોમાંથી ઉધ્ધરીને કહીશ ?

ઉ.	સિધ્ધ (અચલ) પદો છે જેમાં એવા ગ્રંથો (કર્મ પ્રાભૃત-કર્મ પ્રકૃતિ આદિ સર્વજ્ઞ કથિત અર્થાનુસાર એવા ગ્રંથોમાંથી ઉધ્ધરીને કહીશ.

૧૫.	શું કહીશ ?

ઉ.	મોટા અર્થવાળા બંધ-ઉદય-સત્તાપણે પરિણમેલી કર્મ પ્રકૃતિનાં સ્થાનોનાં

સંક્ષેપને કહીશ.

૧૬. તે સંક્ષેપ કયા ગ્રંથનો કહેવાનો છે. ?

ઉ. દષ્ટિવાદ નામના બારમા અંગના સંક્ષેપને કહીશ

૧૭. તે સંક્ષેપ કેવા પ્રકારનો છે ?

ઉ. દષ્ટિવાદ નામના બારમા અંગના ઝરણારૂપ છે.

૧૮. દષ્ટિવાદમાં કેટલા દ્વારો આવેલા છે ? કયા ?

ઉ. પાંચ-૧-પરિકર્મ, ૨-સૂત્ર, ૩-પ્રથમાનુયોગ, ૪-પૂર્વગત અને ૫-ચુલિકા.

૧૯. બંધ-ઉદય-સત્તારૂપ સંવેધ દષ્ટિવાદમાં પાંચ દ્વારમાંથી શેમાં આવેલો છે? તેને શી રીતે કહીશ ?

ઉ. દષ્ટિવાદનાં પાંચ દ્વારમાંથી ચોથો ભેદ જે પૂર્વગત છે તેમાં ચૌદ પૂર્વો આવેલા છે તેમાનું બીજું અગ્રાયણીય નામનું પૂર્વ છે. તેમાં ચૌદ વસ્તુઓ આવેલી છે. તેમાંની પાંચમી વસ્તુમાં વીશ પ્રાભૃતો આવેલા છે તેમાં ચોથુ પ્રાભૃત કર્મપ્રકૃતિ નામનું છે આ કર્મ પ્રકૃતિ પ્રાભૃતમાં ચોવીશ અનુયોગ છે તેમાનું ત્રીજું અનુયોગ આ બંધ ઉદય સત્તારૂપ સંવેધ નામનું આવેલું છે આ અનુયોગ ને સંક્ષેપમાં કહીશ.

*કઈ બંધ તો વેયઈ ?*
*કઈ કઈવા સંત પયડિ ઠાણાણિ?।*
*મૂલુતર પગઈસું*
*ભંગ વિગપ્પા મુણેયવ્વા ॥૨॥*

ભાવાર્થ : કેટલી પ્રકૃતિ બાંધતા કેટલી પ્રકૃતિ વેદાય અથવા કેટલી પ્રકૃતિ બાંધતા કેટલી પ્રકૃતિ વેદાતા કેટલી પ્રકૃતિનાં સત્તાસ્થાનો હોય તે મૂલ કર્મને વિષે તથા ઉત્તર પ્રકૃતિઓને વિષે ભાંગાના વિકલ્પો જાણવા યોગ્ય છે.॥૨॥

૨૦. બંધ ઉદય સત્તાના સંક્ષેપ શેને વિષે કહીશ ?

ઉ. મૂલકર્મો તથા મૂલકર્મોની ઉતર પ્રકૃતિઓને વિષે જણાવીશ (કહીશ)

૨૧. કઈ રીતે વિકલ્પોને જણાવવાનાં છે.?

ઉ. કેટલી પ્રકૃતિઓ બાંધતા કેટલી પ્રકૃતિઓનું વેદન કરે અથવા કેટલી

પ્રકૃતિઓ બાંધતા કેટલી પ્રકૃતિઓ વેદતા કેટલી પ્રકૃતિના સત્તાસ્થાનો હોય? તેના વિકલ્પોને જણાવીશું.

*મૂલ પ્રકૃતિનો બંધોદય સત્તા સંવેધ*

*અટ્ઠવિહ સત્ત છબ્બંધએ સુ*

*અટ્ઠેવ ઉદય સંતંસા ।*

*એગ વિહે તિ વિગપ્પો*

*એગ વિગપ્પો અબંધમિ ॥૩॥*

ભાવાર્થ : આઠ સાત અને છ પ્રકૃતિનાં બંધને વિષે, આઠ કર્મના ઉદય અને આઠ કર્મની સત્તા હોય છે. એક પ્રકૃતિના બંધને વિષે ત્રણ વિકલ્પો હોય છે તથા અબંધને વિષે એક વિકલ્પ હોય છે આ રીતે કુલ મુલકર્મનાં સાત વિકલ્પો થાય છે.॥૩॥

૨૨. મૂલકર્મોનાં બંધસ્થાનો કેટલા હોય ? કયા ?

ઉ. ચાર બંધસ્થાનો હોય ૧. આઠ કર્મનું, ૨. સાત કર્મનું, ૩. છ કર્મનું અને ૪. એક કર્મનું.

૨૩. મૂલકર્મોનાં ઉદય સ્થાનો કેટલા હોય? કયા?

ઉ. ત્રણ ઉદય સ્થાનો હોય ૧.આઠ કર્મનું ૨. સાત કર્મનું અને ૩. ચાર કર્મનું હોય.

૨૪. મૂલકર્મોનાં સત્તાસ્થાનો કેટલા હોય ? કયા?

ઉ. ત્રણ ૧.આઠ કર્મોનું, ૨.સાત કર્મોનું અને ૩.ચાર કર્મોનું હોય.

૨૫. ચાર કર્મોનાં બંધસ્થાનો કયા કયા ગુણસ્થાનકે હોય?

ઉ. ૧. આઠ કર્મનુ ૧,૨,૪,૫,૬, ગુણસ્થાનકે અથવા સાતમા ગુણસ્થાનકે પણ હોય છે.

૨. સાત કર્મનુ (આયુષ્યકર્મ સિવાય) ૧ થી ૯ ગુણસ્થાનકને વિષે હોય છે.

૩. છ કર્મનું (આયુષ્ય-મોહનીય સિવાય) દશમા ગુણસ્થાનકે જ હોય છે.

૪. એક કર્મનું (વેદનીય) ૧૧ થી ૧૩ ગુણસ્થાનકમાં હોય છે.

૨૬. ત્રણ ઉદયસ્થાનકો કયા કયા ગુણ સ્થાનકે હોય ?

ઉ. ૧. આઠકર્મનું ઉદય સ્થાન ૧ થી ૧૦ ગુણસ્થાનકમાં હોય

૨. સાતકર્મનુ ૧૧ થી ૧૨ ગુણસ્થાનકમાં હોય (મોહનીય સિવાય સાતકર્મ જાણવા)

૩. ચારકર્મનું (જ્ઞાના-દર્શના-મોહનીય અને અંતરાય) આ ચાર સિવાયના ૧૩-૧૪ ગુણ સ્થાનકમાં હોય.

૨૭. ત્રણ સત્તાસ્થાનો કયા કયા ગુણસ્થાનકે હોય ?

ઉ. ૧. આઠકર્મનું ૧ થી ૧૧ ગુણ સ્થાનકમાં સત્તામાં હોય

૨. સાતકર્મનું (મોહનીય સિવાય) બારમા ગુણસ્થાનકે જ સત્તામાં હોય.

૩. ચારકર્મનું (ઘાતી કર્મ સિવાય) ૧૩ અને ૧૪ ગુણસ્થાનકમાં સત્તામાં હોય છે.

૨૮. મૂલકર્મોનાં સંવેધભાંગા કેટલા થાય ? કયા કયા ?

ઉ. સાત ભાંગા થાય ૧.૮ નો બંધ ૮ નો ઉદય ૮ ની સત્તા

૨. સાતનો બંધ, આઠનો ઉદય, આઠની સત્તા.

૩. છનો બંધ, આઠનો ઉદય, આઠની સત્તા.

૪. એક નો બંધ, સાતનો ઉદય, આઠની સત્તા.

૫. એકનો બંધ, સાત નો ઉદય, સાતની સત્તા.

૬. એકનો બંધ, ચાર નો ઉદય, ચારની સત્તા.

૭. અબંધ, ચારનો ઉદય, ચારની સત્તા હોય છે.

૨૯. સંવેધનો પહેલો ભાંગો કયારે હોય ? કેટલા કાળનો હોય ?

ઉ. ૧. આઠનો બંધ, આઠનો ઉદય, આઠની સત્તા આ ભાંગો જીવને આયુષ્ય બંધ કાળે હોય છે. આયુષ્યનો બંધ એક અંતર્મુહૂર્ત કાળનો હોવાથી આ ભાંગાનો કાળ એક અંતર્મુહૂર્તનો હોય છે.

૩૦. સંવેધનો બીજો ભાંગો કયારે હોય ? કેટલા કાળનો હોય ?

ઉ. ૨. સાતનો બંધ, આઠનો ઉદય, આઠની સત્તા આ ભાંગો આયુષ્ય બંધકાળ પહેલા તથા આયુષ્ય બંધ કાળ પછીના કાળમાં જીવોને હોય

છે. તે કારણથી આ ભાંગાનો કાળ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કષ્ટ થી છ માસ ન્યૂન તેત્રીશ સાગરોપમ તથા અંતર્મુહૂર્ત ન્યૂન પૂર્વ ક્રોડ વર્ષનો ત્રીજો ભાગ અધિક સતત બંધકાળમાં હોય છે.

૩૧. સંવેધનો ત્રીજો ભાંગો કયારે હોય ? કેટલા કાળનો હોય?

ઉ. ૩. છનો બંધ, આઠનો ઉદય આઠની સત્તા આ ભાંગો આયુષ્ય. મોહનીયકર્મના બંધ સિવાય હોવાથી ક્ષપકશ્રેણી તથા ઉપશમ શ્રેણીવાળા જીવોને હોય છે તેથી જઘન્ય કાળ ૧. સમય અને ઉત્કૃષ્ટ કાળ એક અંતર્મુહૂર્ત હોય છે.

૩૨. સંવેધનો ચોથો ભાંગો કયારે હોય ? કેટલા કાળનો હોય ?

ઉ. ૪. એકનોબંધ, સાતનોઉદય, આઠનીસત્તા. આ ભાંગો મોહનીય કર્મનો સંપૂર્ણ ઉપશમ થયેલ જીવને હોય છે તેથી જઘન્ય કાળ ૧. સમય અને ઉત્કૃષ્ટ કાળ એકઅંતર્મુહૂર્ત

૩૩. સંવેધનો પાંચમો ભાંગો કયારે હોય ? કેટલા કાળનો હોય ?

ઉ. ૫. એકનોબંધ, સાતનોઉદય સાતની સત્તા આ ભાંગો મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય કરેલ જીવોને હોય છે. જઘન્ય તથા ઉત્કૃષ્ટ કાળ એકઅંત ર્મુહૂર્તનો હોય છે.

૩૪. સંવેધનો છટ્ઠો ભાંગો કયારે હોય ? કેટલા કાળનો હોય ?

ઉ. છટ્ઠો-એકનો બંધ, ચારનો ઉદય, ચારની સત્તા. આ ભાંગો ચાર ઘાતી કર્મના ક્ષયે સયોગિ કેવલી ભગવંતોને હોય છે. તે કારણથી જઘન્યકાળ. એક અંતર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટ કાળ. દેશોનૂપૂર્વક્રોડ વર્ષ સુધી હોય છે.

૩૫. સંવેધનો સાતમો ભાંગો કયારે હોય ? કેટલા કાળનો હોય ?

ઉ. સાતમો-અબંધ, ચારનો ઉદય, ચારની સત્તા આ ભાંગો અયોગી કેવલીને હોય છે જઘન્ય તથા ઉત્કૃષ્ટ કાળ પાંચ હ્રસ્વાક્ષર જેટલો હોય છે.

*જીવસ્થાનકને વિષે મૂલ પ્રકૃતિનાં ભાંગા*

*સત્તટ્ઠ બંધ અટ્ઠુદય*
*સંત તેર સસૂ જીવ ઠાણેસુ ।*
*એગંમિ પંચ ભંગા*
*દો ભંગા હું તિ કેવલિણો ॥૪॥*

ભાવાર્થ : પ્રથમના તેર ભેદને વિષે પહેલા બે સંવેધ ભાંગા હોય છે સંજ્ઞી પર્યાપ્તા જીવોને વિષે પહેલા પાંચ સંવેધ ભાંગા હોય અને છેલ્લા બે ભાંગા કેવલી ભગવંતોને હોય છે. ॥૪॥

*અટ્ઠ સુ એગ વિગપ્પો*

*છસ્સુવિ ગુણ સન્નિએસુ દુવિગપ્પો ।*

*પત્તેઅં પત્તેઅં*

*બંધોદય સંત કમ્માણં ॥૫॥*

ભાવાર્થ : આઠ ગુણસ્થાનકને વિષે દરેકને એક એક ભાંગો હોય છે. અને છ ગુણ સ્થાનકને વિષે સંવેધ ભાંગા બબ્બે હોય છે. ॥૫॥

૩૬. આઠકર્મનું બંધસ્થાન કેટલા જીવ ભેદોને વિષે તથા કેટલા ગુણ સ્થાનકને વિષે હોય? કયા કયા ?

ઉ. ૧૪ જીવ ભેદમાં તથા ૧,૨,૪,૫,૬, અને સાતમુ ગુણસ્થાનક હોય અથવા નહિ.

૩૭. સાતકર્મનું બંધસ્થાન કેટલા જીવભેદ તથા સ્થાનકમાં હોય ? કયા ?

ઉ. ચૌદ જીવભેદમાં હોય તથા એક થી નવ ગુણસ્થાનકમાં હોય છે.

૩૮. છ પ્રકૃતિનું બંધસ્થાન કેટલા જીવ ભેદ તથા ગુણસ્થાનકમાં હોય ? કયા કયા ?

ઉ. એક સન્ની પર્યાપ્તા જીવ ભેદમાં તથા દશમા ગુણસ્થાનકે જ હોય છે.

૩૯. એક પ્રકૃતિનું બંધ સ્થાન કેટલા જીવ ભેદમાં તથા કેટલા ગુણસ્થાનકમાં હોય ? કયા?

ઉ. એક સન્ની પર્યાપ્તામાં તથા ત્રણ ગુણસ્થાનકમાં (૧૧ થી ૧૩) હોય છે.

૪૦. આઠ અને સાત આ બેજ કર્મનાં બંધસ્થાનો હોય એવા જીવ ભેદો કેટલા હોય ?

ઉ. તેર જીવ ભેદ (૧ થી ૧૩)

૪૧. ચારેય બંધ સ્થાનો હોય એવા જીવ ભેદો કેટલા ?

ઉ. એક સન્ની પર્યાપ્તા

૪૨. સાત તથા આઠ કર્મના એમ બે બંધસ્થાનો હોય એવા ગુણસ્થાનકો કેટલા હોય ? કયા ?

ઉ. પાંચ અથવા છ ગુણસ્થાનકો હોય (૧,૨,૪,૫,૬ યા ૭)

૪૩. સાત કર્મનું જ બંધસ્થાન હોય એવા ગુણસ્થાનક કેટલા ? કયા ?

ઉ. ત્રણ હોય, ત્રીજું-આઠમું અને નવમું.

૪૪. ચારેય બંધસ્થાનો હોય એવા ગુણસ્થાનક કેટલા હોય ?

ઉ. એક પણ ન હોય.

૪૫. આઠ પ્રકૃતિનું ઉદય સ્થાન કટેલા જીવ ભેદમાં તથા ગુણસ્થાનકમાં હોય? કયા ?

ઉ. ચૌદ જીવ ભેદમાં તથા ૧ થી ૧૦ ગુણ સ્થાનકમાં હોય.

૪૬. સાત પ્રકૃતિનું ઉદયસ્થાન કેટલા જીવભેદમાં તથા ગુણસ્થાનકમાં હોય? કયા ?

ઉ. એક સન્ની પર્યાપ્તાજીવ ભેદમાં તથા બે ગુણસ્થાનકમાં (૧૧ તથા ૧૨) હોય છે.

૪૭. ચાર પ્રકૃતિનું ઉદયસ્થાન કેટલા જીવભેદ તથા ગુણ સ્થાનકમાં હોય ? કયા ? શાથી ?

ઉ. એક પણ જીવ ભેદમાં ન હોય કારણકે ચાર પ્રકૃતિનું ઉદય સ્થાન કેવલી ને હોય, કેવલીને કોઈ જીવ ભેદમાં ગણેલ નથી (નો સન્ની નો અસન્ની કહયા છે.) તથા બે ગુણસ્થાનકમાં (૧૩-૧૪) હોય છે.

૪૮. આઠ પ્રકૃતિનું સત્તાસ્થાન કેટલા જીવભેદ તથા ગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ. ચૌદ જીવભેદમાં હોય તથા ૧ થી ૧૧ ગુણસ્થાનકમાં હોય.

૪૯. સાત પ્રકૃતિનું સત્તાસ્થાન કેટલા જીવભેદ તથા ગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ. એક સન્ની પર્યાપ્તાહોય તથા એક બારમા ગુણસ્થાનકમાં હોય છે.

૫૦. ચાર પ્રકૃતિનું સત્તાસ્થાન કેટલા જીવ તથા ગુણસ્થાનકમાં હોય છે? કયા?

ઉ. એકપણ જીવ ભેદમાં હોતું નથી કારણકે આ સત્તાસ્થાન કેવલીને હોય

અને કેવલીને (નો સન્ની નો અસન્ની કહયા છે) તથા બે (૧૩-૧૪) ગુણ સ્થાનકમાં હોય છે.

૫૧. એક થી તેર જીવભેદોને વિષે બંધસ્થાન ઉદયસ્થાન સત્તાસ્થાન તથા સંવેધ ભાંગા કેટલા હોય ? કયા ?

ઉ. બે બંધસ્થાનો-આઠનું અને સાતનું, એક ઉદય સ્થાન આઠનું, એક સત્તાસ્થાન આઠનું, તથા સંવેધ ભાંગા બે હોય.

૧. આઠનોબંધ, આઠનોઉદય, આઠનીસતા

૨. સાતનોબંધ, આઠનોઉદય, આઠનીસત્તા

૫૨. સન્ની પર્યાપ્તાજીવ ભેદને વિષે બંધાસ્થાન-ઉદય સ્થાન-સત્તાસ્થાન તથા સંવેધ ભાંગા કેટલા કેટલા હોય ? કયા ?

ઉ. ચાર બંધસ્થાનો ૮,૭,૬,૧,

ત્રણ ઉદયસ્થાનો ૮,૭,૪

ત્રણ સત્તા સ્થાનો ૮,૭,૪ તથા સાત અથવા પાંચ સંવેધ ભાંગાઓ હોય છે. પહેલા પાંચ સંવેધ ભાંગા કારણકે કેવલીને સન્નીમાં ગણતરીમાં લીધેલ નથી. અથવા કેવલીને સન્ની તરીકે ગણતરીમાં લેવાય તો સાત ભાંગા ગણાય છે.

૫૩. પહેલા બે સંવેધ ભાંગા કેટલા ગુણ સ્થાનકમાં હોય ? કયા?

ઉ. આઠનોબંધ, આઠનોઉદય, આઠનીસત્તા, સાતનોબંધ, આઠનોઉદય, આઠનીસત્તા આ બે ભાંગા૧,૨,૪,૫,૬તથા સાતમા ગુણસ્થાનકે હોય.

૫૪. સાતનોબંધ આઠનોઉદય આઠનીસત્તા કેટલા ગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ. સાતનોબંધ, આઠનોઉદય, આઠનીસત્તા આ ભાંગો ૧ થી ૯ ગુણસ્થાનકમાં હોય છે.

૫૫. ત્રીજો ભાંગો કેટલા ગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ. છનોબંધ, આઠનોઉદય, આઠનીસત્તા આ ભાંગો એક દશમા ગુણ સ્થાનકે હોય છે.

૫૬. ચોથો ભાંગો કેટલા ગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ. એકનોબંધ, સાતનોઉદય, આઠનીસત્તા એક અગ્યારમા ગુણ સ્થાનકમાં

હોય છે.

૫૭. પાંચમો ભાંગો કેટલા ગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ. એકનો બંધ, સાતનો ઉદય, સાતની સત્તા આ ભાંગો બારમા ગુણસ્થાનકે હોય છે.

૫૮. છટ્ઠો ભાંગો કેટલા ગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ. એકનો બંધ, ચારનો ઉદય, ચારની સત્તા આ ભાંગો તેરમા ગુણસ્થાનકે હોય છે.

૫૯. સાતમોભાંગો કેટલા ગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ. અબંધ, ચારનો ઉદય, ચારની સત્તા આ ભાંગો ચૌદમા અયોગી કેવલી ગુણસ્થાનકે હોય છે.

*પંચ નવ દુન્નિ અટ્ઠાવીસા*
*ચઉરો તહેવ બાયાલા ।*
*દુન્નિ અ પંચ ય ભણિયા*
*પયડીયો આણુપુવ્વી એ ॥૬॥*

ભાવાર્થ : પાંચ-નવ-બે અટ્ઠાવીસ-ચાર-બેંતાલીસ તેમજ બે અને પાંચ એમ અનુક્રમે જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મની પ્રકૃતિઓ કહેલી છે.॥૬॥

૬૦. જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મની પ્રકૃતિઓ કેટલી હોય ?

ઉ. જ્ઞાનાવરણીય-૫ દર્શનાવરણીય-૯, વેદનીય-૨, મોહનીય-૨૮, આયુષ્ય ૪, નામ-૪૨, ગોત્ર-૨, અંતરાય-૫ = ૯૭ પ્રકૃતિઓ થાય છે.

*બંધોદય સંતંસા*
*નાણાવરણંતરાઈએ પંચ ।*
*બંધોવરમેવિ ઉદય*
*સંતંસા હુંતિ પંચેવ ॥૭॥*

ભાવાર્થ : જ્ઞાનાવરણીય અને અંતરાય કર્મને વિષે બંધ ઉદય અને સત્તારૂપ અંશો પાંચ પ્રકૃતિનાં હોય છે તથા બંધના અભાવમાં પણ પાંચ પ્રકૃતિનો ઉદય અને સત્તા હોય છે. ॥૭॥

જ્ઞાનાવરણીય કર્મની ઉત્તર પ્રકૃતિઓને વિષે બંધ ઉદય સત્તાસ્થાનો તથા સંવેદ ભાંગોઓનું વર્ણન

૬૧. જ્ઞાનાવરણીય કર્મનાં બંધસ્થાન, ઉદયસ્થાન તથા સત્તાસ્થાન કેટલા હોય? કયા ?

ઉ. જ્ઞાનાવરણીય કર્મનું એક બંધસ્થાન પાંચ પ્રકૃતિરૂપ એક ઉદયસ્થાન પાંચ પ્રકૃતિરૂપ, તથા એક સત્તાસ્થાન પાંચ પ્રકૃતિરૂપ હોય છે.

૬૨. જ્ઞાનાવરણીય કર્મના બંધ ઉદય સત્તાસ્થાનો કેટલા જીવભેદમાં તથા કેટલા ગુણસ્થાનકોમાં હોય ? કયા ?

ઉ. એક બંધસ્થાન પાંચ પ્રકૃતિનું ૧ થી ૧૦ ગુણસ્થાનકમાં હોય એક ઉદયસ્થાન, પાંચ પ્રકૃતિનું ૧ થી ૧૨ ગુણસ્થાનકમાં હોય તથા એક સતાસ્થાન ૧ થી ૧૨ ગુણસ્થાનકમાં હોય છે તથા બંધ-ઉદય તથા સત્તા સ્થાન એક પાંચ પ્રકૃતિનું ચૌદજીવભેદોમાં હોય છે.

૬૩. જ્ઞાનાવરણીય કર્મનાં સંવેધ ભાંગા કેટલા થાય ? કયા?

ઉ. બે સંવેધ ભાંગા થાય તે આ પ્રમાણે

૧. પાંચનો બંધ- પાંચનો ઉદય અને પાંચની સત્તા

૨. અબંધ-પાંચનો ઉદય-પાંચની સત્તા હોય છે.

૬૪. એક થી તેર જીવભેદમાં જ્ઞાનાવરણીયનાં સંવેધ ભાંગા કેટલા હોય ? કયા?

ઉ. એક સંવેધ ભાગો હોય.

પાંચનો બંધ-પાંચનો ઉદય-પાંચની સત્તા.

૬૫. ચૌદમા જીવભેદમાં જ્ઞાના વરણીયના કેટલા ભાંગા હોય?કયા?

ઉ. બે ભાંગા હોય છે.

૧. પાંચનો બંધ-પાંચનો ઉદય-પાંચની સત્તા

૨. અબંધ-પાંચનો ઉદય-પાંચની સત્તા.

૬૬. બંધ-ઉદય-સત્તામાં જ્ઞાનાવરણીય પ્રકૃતિઓ એક સાથે શાથી હોય છે?

ઉ. જ્ઞાનાવરણીયની પાંચે પ્રકૃતિઓ બંધમાં ધ્રુવબંધિ છે. ઉદયમાં ધ્રુવોદયી છે તથા સત્તામાં ધ્રુવસત્તારૂપે છે તે કારણથી ત્રણેયમાં પાંચે પ્રકૃતિઓ એક સાથે હોય છે.

૬૭. જ્ઞાનાવરણીયનો પહેલો ભાંગો કેટલા ગુણસ્થાનક સુધી હોય ? શાથી?

ઉ. પહેલો પાંચનો બંધ-પાંચનો ઉદય-પાંચની સત્તારૂપ ભાંગો ૧ થી ૧૦ ગુણ સ્થાનક સુધી હોય છે કારણકે પાંચે પ્રકૃતિનો બંધ દશમા ગુણસ્થાનક સુધી સતત હોય છે.

૬૮. જ્ઞાનાવરણીયનો બીજો ભાંગો કેટલા ગુણસ્થાનકમાં હોય ? શાથી ?

ઉ. બીજો અબંધ-પાંચનો ઉદય-પાંચની સત્તા રૂપ ભાંગો અગ્યાર તથા બારમા એમ બે ગુણ સ્થાનકમાં હોય છે. બંધમાં પ્રકૃતિનો વિચ્છેદ થવાથી અબંધક બને છે છતાં તે પાંચે પ્રકૃતિનો ઉદય સત્તા બારમા સુધી હોય છે.

૬૯. જ્ઞાનાવરણીયના તેરમા ચૌદમા ગુણસ્થાનકે કેટલા ભાંગા હોય ? શાથી?

ઉ. એક પણ ન હોય, બંધ, ઉદય, સત્તામાંથી સધળી પ્રકૃતિનો બારમાના અંતે વિચ્છેદ થાય ત્યારે કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે તેથી ન હોય.

*અંતરાય કર્મને વિષે બંધાદિ સંવેધ ભાંગાનુંવર્ણન.*

૭૦. અંતરાયકર્મના બંધસ્થાન-ઉદયસ્થાન-સત્તાસ્થાન કેટલા હોય ? કયા?

ઉ. અંતરાયનું એક પાંચ પ્રકૃતિનું બંધસ્થાન. અંતરાયનું એક પાંચ પ્રકૃતિનું ઉદયસ્થાન અને એક પાંચ પ્રકૃતિનું સત્તાસ્થાન હોય છે.

૭૧. અંતરાયકર્મનાં બંધ-ઉદય-સત્તાસ્થાન કેટલા જીવ ભેદમાં તથા કેટલા ગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ. ચૌદે જીવ ભેદમાં બંધ-ઉદય-સત્તાસ્થાન હોય છે તથા
બંધસ્થાન ૧ થી ૧૦ ગુણ સ્થાનકમાં હોય.
ઉદયસ્થાન ૧ થી ૧૨ ગુણસ્થાનકમાં હોય.
સત્તાસ્થાન ૧ થી ૧૨ ગુણસ્થાનકમાં હોય છે.

૭૨. અંતરાય કર્મના સંવેધ ભાંગા કેટલા થાય ? કયા ?

ઉ. બે સંવેધ ભાંગા પાંચનો બંધ, પાંચનો ઉદય, પાંચની સત્તા ૨. અબંધ પાંચનો ઉદય અને પાંચની સત્તા રૂપ હોય છે.

૭૩. એકથી તેર જીવ ભેદમાં અંતરાયના સંવેધ ભાંગા કેટલા હોય ? કયા?

ઉ. એક સંવેધ ભાંગો. પાંચનો બંધ, પાંચનો ઉદય, પાંચની સત્તા.

૭૪. ચૌદમા જીવભેદમાં અંતરાયના કેટલા સંવેધ ભાંગા હોય ? કયા ?

ઉ. બે-પાંચનો બંધ, પાંચનો ઉદય, પાંચની સત્તા. ૨. અબંધ, પાંચનો ઉદય પાંચની સત્તા.

૭૫. અંતરાયકર્મની પાંચે પ્રકૃતિઓ બધાદિમાં સાથે શાથી હોય ?

ઉ. અંતરાયકર્મની પાંચે પ્રકૃતિઓ બંધમાં સતત સાથે બંધાતી હોવાથી ધ્રુવબંધિ છે ઉદયમાં સતત સાથે રહેતી હોવાથી ધ્રુવોદયી છે તથા સત્તામાં ધ્રુવસતા રૂપે છે.

૭૬. અંતરાય કર્મનો પહેલો ભાંગો કેટલા ગુણસ્થાનકમાં હોય ?

ઉ. પહેલો ભાંગો પાંચનો બંધ, પાંચનો ઉદય, પાંચની સત્તા ૧ થી ૧૦ ગુણસ્થાનકમાં હોય છે.

૭૭. અંતરાયનો બીજો ભાંગો કેટલો ગુણસ્થાનકમાં હોય ?

ઉ. બીજો-અબંધ, પાંચનો ઉદય, પાંચની સત્તા અગ્યારમા-બારમા બે ગુણસ્થાનકમાં હોય છે.

૭૮. તેરમા ચૌદમા ગુણસ્થાનકે અંતરાયના કેટલા ભાંગા હોય ? શાથી ?

ઉ. એકપણ ન હોય કારણ અંતરાય કર્મનો ક્ષય થવાથી એટલે બંધ ઉદય સત્તામાંથી ક્ષય થાય ત્યારે ક્ષાયિક ભાવે દાનાદિલબ્ધિઓ પેદા થાય છે માટે ન હોય.

*દર્શના વરણીય કર્મના સંવેધ ભાંગા નું વર્ણન*

*બંધસ્સય સંતસ્સય*

*પગઈ ઠાણાઈ તિણ્ણિ તુલ્લાઈ ।*

*ઉદય ઠ્ઠાણાઈ દુવે*

*ચઉ પણગં દંસણાવરણે ॥૮॥*

ભાવાર્થ : દર્શનાવરણીય કર્મને વિષે બંધ સ્થાનો તથા સત્તા સ્થાનો ત્રણ ત્રણ હોય છે જયારે ઉદયસ્થાનો બે હોય છે એક ચાર પ્રકૃતિનું અને બીજું પાંચ પ્રકૃતિનું હોય ॥૮॥

૭૯. દર્શનાવરણીય કર્મના બંધસ્થાનો કેટલા હોય ? કયા ?

ઉ. ત્રણ હોય ૧. નવપ્રકૃતિનું, ૨. છ પ્રકૃતિનું, ૩. ચાર પ્રકૃતિનું.

૧. નવ પ્રકૃતિ-ચારદર્શનાવરણીય, પાંચનિદ્રા

૨. છ પ્રકૃતિ-ચાર દર્શનાવરણીય, નિદ્રા-પ્રચલા

૩. ચાર પ્રકૃતિ ચાર દર્શનાવરણીયનું હોય છે.

૮૦. દર્શનાવરણીય કર્મનું પહેલું બંધ સ્થાન કેટલા જીવ ભેદમાં તથા ગુણ સ્થાનકમાં હોય ? કયા ?

ઉ. નવ પ્રકૃતિનું બંધસ્થાન ચૌદ જીવ ભેદમા હોય તથા પહેલા અને બીજા બે ગુણસ્થાનકમાં હોય છે.

૮૧. દર્શનાવરણીય કર્મનું બીજું બંધસથાન કેટલા જીવભેદમાં તથા ગુણ સ્થાનકમાં હોય ? કયા ?

ઉ. છ પ્રકૃતિનું બીજું બંધસ્થાન બે જીવભેદમાં હોય છે. ૧. સન્ની અપર્યાપ્તા, ૨. સન્ની પર્યાપ્તાતથા છ ગુણસ્થાનકમાં હોય છે ૩,૪,૫,૬,૭ તથા આઠમા ગુણ સ્થાનકના પહેલા ભાગ સુધી હોય છે.

૮૨. દર્શનાવરણીય કર્મનું ત્રીજું બંધસ્થાન કેટલા જીવભેદમાં તથા ગુણ સ્થાનકમાં હોય? કયા કયા?

ઉ. ચાર પ્રકૃતિનું ત્રીજું બંધસ્થાન એક સન્ની પર્યાપ્તાજીવ ભેદમાં હોય તથા ત્રણ ગુણસ્થાનકમાં હોય છે. આઠમા ગુણ સ્થાનકના બીજા ભાગથી આઠમુ ગુણસ્થાનક સંપૂર્ણ તથા ૯ તથા ૧૦મા ગુણસ્થાનકે હોય છે.

૮૩. દર્શનાવરણીયના ત્રણ બંધ સ્થાનમાંથી એક થી ૧૨ જીવ ભેદમાં કેટલા બંધ સ્થાનો હોય ? કયા ?

ઉ. સૂક્ષ્મ અપર્યાપ્તા થી શરૂ કરી અસન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા સુધીનાં બાર જીવભેદમાં એક બંધસ્થાન હોય. ૧ નવ પ્રકૃતિનું

૮૪. દર્શનાવરણીયનાં ત્રણ બંધ સ્થાનમાંથી સન્ની અપર્યાપ્તા જીવ ભેદમાં કેટલા બંધસ્થાનો હોય ? કયા ?

ઉ. બે બંધસ્થાન ૧, નવપ્રકૃતિનું, ૨.છ પ્રકૃતિનું. સમકિતી જીવોને અપર્યાપ્તા વસ્થામાં હોય છે.

૮૫. દર્શનાવરણીયનાં બંધસ્થાનો સન્ની પર્યાપ્તામાં કેટલા હોય? કયા ?

ઉ. ત્રણેય હોય ૧. નવનું, ૨. છનું, ૩. ચારનું.

૮૬. દર્શનાવરણીય કર્મનાં ઉદય સ્થાનો કેટલા હોય ? કયા ?

ઉ. બે ઉદય સ્થાન હોય. ૧.ચાર પ્રકૃતિનું ૨ પાંચ પ્રકૃતિનું

૮૭. દર્શનાવરણીયની ચાર પ્રકૃતિનું ઉદય સ્થાન કઈ રીતે ?

ઉ. જયારે જીવોને પાંચ પ્રકારની નિદ્રામાંથી કોઈપણ નિદ્રા નો ઉદય ન હોય ત્યારે આ ઉદય સ્થાન હોય છે.

૮૮. દર્શનાવરણીયની ચાર પ્રકૃતિનું ઉદય સ્થાન કેટલા ગુણસ્થાનક સુધી હોય?

ઉ. એક થી બારમા ગુણસ્થાનકના અંત સમય સુધી હોય.

૮૯. દર્શનાવરણીયની પાંચ પ્રકૃતિનું ઉદય સ્થાન કઈ રીતે ?

ઉ. જયારે જીવોને પાંચ નિદ્રામાંથી કોઈપણ એક નિદ્રાનો ઉદય થાય ત્યારે ચાર દર્શનાવરણીય એક નિદ્રા પાંચનો ઉદય ગણાય છે.

૯૦. દર્શનાવરણીયની પાંચ પ્રકૃતિનું ઉદય સ્થાન કેટલા ગુણસ્થાનક સુધી હોય ? તેના ઉદય સ્થાન કેટલા થાય ?

ઉ. પાંચ નિદ્રાની અપેક્ષાએ પાંચ ઉદય સ્થાન ગણાય

| | |
|---|---|
| ૧. ચાર દર્શનાવરણીય + ૧ નિદ્રા =૫ | ૧ થી બારમાના ઉપાન્ત્ય સમય |
| ૨. ચાર દર્શનાવરણીય + ૧ પ્રચલા = ૫ | સુધી હોય છે. |
| ૩. ચાર દર્શનાવરણીય + ૧ નિદ્રા નિદ્રા, | આ ત્રણ ૧ થી ૬ |
| ૪. ચાર દર્શનાવરણીય + ૧ પ્રચલા પ્રચલા, | ગુણ સ્થાનક સુધી |
| ૫. ચાર દર્શનાવરણીય + ૧ થીણધ્ધી. | હોય |

૯૧. દર્શનાવરણીયનાં ચાર અને પાંચ બે ઉદયસ્થાન શાથી થાય છે?

ઉ. દર્શનાવરણીયની ચાર પ્રકૃતિઓ ધ્રુવોદયી હોવાથી ચારનો ઉદય તો અવશ્ય હોય જ. માટે ચારના ઉદયથી ગણાય તથા નિદ્રાનો ઉદય અધ્રુવોદયી પ્રકૃતિ હોવાથી કોઈ કાળે ઉદયમાં હોય અથવા ન હોય માટે અધ્રુવોદયી ગણાય છે. તેથી જયારે એક ઉદયમાં હોય ત્યારે પાંચ નો ઉદય ગણાય છે. તથા પાંચ નિદ્રામાંથી કોઈપણ જીવને કોઈપણ કાળે ઉદયમાં હોય ત્યારે એક જ હોય છે.

૯૨. નિદ્રાનો ઉદય સામાન્ય રીતે કયાં સુંધી હોય ? તથા મતાંતરે કયાં સુધી હોય ?

ઉ. સામાન્ય રીતે નિદ્રાનો ઉદય ઉપશમ શ્રેણીમાં વિદ્યમાન જીવોને

આશ્રયીને અગ્યારમા ગુણસ્થાનક સુધી હોય છે જયારે અત્રે ક્ષપક શ્રેણીમાં બારમા ગુણસ્થાકના ઉપાન્ત્ય (ધ્વિચરમ) સમય સુધી કહેલ છે તે મતાંતર જાણવો.

૯૩. દર્શનાવરણીય કર્મના સત્તાસ્થાનો કેટલા હોય ? કયા ?ટ

ઉ. ત્રણ સત્તાસ્થાનો હોય ૧. નવપ્રકૃતિનું, ૨.છ પ્રકૃતિનું, ૩.ચાર પ્રકૃતિનું જાણવું.

૯૪. દર્શનાવરણીયનું નવ પ્રકૃતિનું સત્તાસ્થાન કેટલા ગુણસ્થાનક સુધી હોય? શાથી ?

ઉ. ઉપશમ શ્રેણીવાળા જીવોને આશ્રયીને નવ પ્રકૃતિનું સત્તા સ્થાન ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી હોય છે. જયારે ક્ષપક શ્રેણીવાળા જીવોને આશ્રયી ને ૧ થી નવમા ગુણસ્થાનકના પહેલા ભાગે થીણધ્ધી ત્રિકનો અંત ન થાય ત્યાં સુધી હોય છે.

૯૫. દર્શનાવરણીયનું છ પ્રકૃતિનું સત્તાસ્થાન કેટલા ગુણસ્થાનકમાં હોય છે?શાથી?

ઉ. ક્ષપકશ્રેણીવાળા જીવોને આશ્રયીને નવમાગુણસ્થાનકના બીજા ભાગથી શરૂ કરી બારમા ગુણસ્થાનકના ઉપાન્ત્ય (ધ્વિચરમ)સમય સુધી હોય છે.

૯૬. દર્શનાવરણીય કર્મનું ચાર પ્રકૃતિનું સત્તાસ્થાન કેટલા ગુણસ્થાનકમાં હોય ?

ઉ. ક્ષપકશ્રેણી આશ્રયી બારમાના ઉપાન્ત્ય સમયે નિદ્રા બેનો અંત થતાં બારમા ગુણસ્થાનકના અંત સમયે સત્તાસ્થાન હોય છે.

૯૭. દર્શનાવરણીયના ચૌદ જીવ ભેદમાં કેટલા ઉદય સ્થાનો હોય ? કયા ?

ઉ. ચૌદે ચૌદ જીવ ભેદમાં બે ઉદય સ્થાન હોય છે ૧. ચાર પ્રકૃતિનું, ૨. પાંચ પ્રકૃતિનું

૯૮. એકથી તેર જીવ ભેદમાં દર્શનાવરણીયનાં સત્તાસ્થાનો કેટલા હોય ? કયા?

ઉ. એક સત્તા સ્થાન હોય ૧. નવ પ્રકૃતિનું

૯૯. સન્ની પર્યાપ્તાજીવમાં દર્શનાવરણીયનાં સત્તા સ્થાનો કેટલા હોય ?

કયા?

ઉ. ત્રણેય હોય ૧. નવનું, ૨. છનું ૩. ચારનું

*બીઆવરણે નવ બંધએ સુ*

*ચઉ પંચ ઉદય નવસંતા ।*

*છચ્ચચઉ બંધે ચેવં*

*ચઉ બંધુદએ છ લંસાય ॥૯॥*

*ઉવરય બંધે ચઉપણ*

*નવંસ ચઉરૂદય છચ્ચઉ સંતા ।*

*વેયણિ આઉય ગોએ*

*વિભજ્જ મોહં પરં વુચ્છં ॥૧૦॥*

ભાવાર્થ : બીજા દર્શનાવરણીય કર્મને વિષે નવના બંધે ચારનો તથા પાંચનો ઉદય અને નવની સત્તા હોય છે અને ચાર પ્રકૃતિ બંધે ચાર તથા પાંચનો ઉદય અને નવની સત્તા હોય. ચારના બંધે અને ચારના ઉદયે છ ની સત્તા હોય.બંધનો વિચ્છેદ થયે ચાર અને પાંચના ઉદયે નવની સત્તા હોય છે. તથા અબંધે ચારના ઉદયે છની અને ચારની સત્તા હોય છે. વેદનીય આયુષ્ય અને ગોત્ર કર્મના સંવેધ ભાંગા જણાવી પછી મોહનીય કર્મને કહીશુ ॥૯॥ ॥૧૦॥

૧૦૦. દર્શનાવરણીયનાં સંવેધ ભાંગા કેટલા થાય ? કયા ?

ઉ. દર્શનાવરણીયના ૧૩ સંવેધ ભાંગા થાય છે. તે આ પ્રમાણે

| | | | |
|---|---|---|---|
| ૧. | નવનો બંધ | ચાર નો ઉદય | નવની સત્તા |
| ૨. | નવનો બંધ | પાંચનો ઉદય | નવની સત્તા |
| ૩. | છ નો બંધ | ચારનો ઉદય | નવની સત્તા |
| ૪. | છ નો બંધ | પાંચનો ઉદય | નવની સત્તા |
| ૫. | ચારનો બંધ | ચારનો ઉદય | નવની સત્તા |
| ૬. | ચારનો બંધ | પાંચનો ઉદય | નવની સત્તા |
| ૭. | ચારનો બંધ | ચારનો ઉદય | છ ની સત્તા |
| ૮. | ચારનો બંધ | પાંચનો ઉદય | છ ની સત્તા |

| | | |
|---|---|---|
| ૯. અબંધ | ચારનો ઉદય | નવની સત્તા |
| ૧૦. અબંધ | પાંચનો ઉદય | નવની સત્તા |
| ૧૧. અબંધ | ચારનો ઉદય | છની સત્તા |
| ૧૨. અબંધ | પાંચનો ઉદય | છની સત્તા |
| ૧૩. અબંધ | ચારનો ઉદય | ચારની સત્તા |

૧૦૧. દર્શનાવરણીયનો પહેલો ભાંગો કેટલાજીવ ભેદ તથા ગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ. ૯,૪,૯ આ પહેલો ભાંગો ચૌદ જીવ ભેદમાં તથા પહેલા અને બીજા બે ગુણસ્થાનકમાં હોય છે.

૧૦૨. દર્શનાવરણીયનો બીજો ભાંગો કેટલા જીવભેદમાં તથા કેટલા ગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ. ૯,૫,૯ આ બીજો ભાંગો ચૌદ જીવ ભેદમાં તથા પહેલા અને બીજા બે ગુણસ્થાનકમાં હોય છે.

૧૦૩. દર્શનાવરણીયનો ત્રીજો ભાંગો કેટલા જીવ ભેદમાં તથા ગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ. ૬,૪,૯ આ ત્રીજો ભાંગો છેલ્લા બે (સન્ની અપર્યાપ્તા, સન્ની પર્યાપ્તા) જીવભેદમાં તથા ત્રીજા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધી હોય છે.

૧૦૪. દર્શનાવરણીયનો ચોથો ભાંગો કેટલા જીવભેદ તથા ગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ. ૬,૫,૯ આ ચોથો ભાંગો છેલ્લા ૨.(સન્નીઅપર્યાપ્તા, સન્ની પર્યાપ્તા) જીવ ભેદમાં તથા ત્રીજા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધી હોય છે.

૧૦૫. દર્શનાવરણીયનો પાંચમો ભાંગો કેટલા જીવભેદમાં તથા કેટલાગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ. ૪,૪,૯ આ પાંચમો ભાંગો એક સન્નીપર્યાપ્તા જીવભેદમાં હોય તથા આઠમા ગુણસ્થાનકના બીજા ભાગથી નવમા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધી ક્ષપક શ્રેણીવાળા જીવોને આશ્રયી હોય છે તથા ઉપશમ

શ્રેણીવાળા જીવોને આશ્રયીને આઠમાના બીજા ભાગથી દશમા ગુણસ્થાનક સુધી હોય છે.

૧૦૬. દર્શનાવરણીયનો છટ્ઠો ભાંગો કેટલા જીવ ભેદમાં તથા ગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ. ૪,૫,૯ આ ભાંગો એક સન્ની પર્યાપ્તાજીવ ભેદ માં હોય તથા આઠમાના બીજા ભાગથી નવમા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધી ક્ષપક શ્રેણીવાળા જીવો આશ્રયી હોય, અને ઉપશમ શ્રેણીવાળા જીવોને આશ્રયી આઠમાના બીજા ભાગથી દશમા ગુણસ્થાનક સુધી હોય છે.

૧૦૭. દર્શનાવરણીયનો સાતમો ભાંગો કેટલા જીવ ભેદ તથા ગુણ સ્થાનકમાં હોય ? કયા ?

ઉ. ૪,૪,૬ આ સાતમો ભાંગો એક સન્ની પર્યાપ્તાજીવમાં તથા નવમા ગુણ સ્થાનકના બીજા ભાગથી દશમા ગુણસ્થાનક સુધી ક્ષપકશ્રેણીવાળા જીવોને હોય છે.

૧૦૮. દર્શનાવરણીયનો આઠમો ભાંગો કેટલા જીવભેદમાં તથા કેટલા ગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ. ૪,૫,૬ આ આઠમો ભાંગો એક સન્નીપર્યાપ્તા જીવમાં તથા નવમાનાબીજા ભાગથી દશમા ગુણસ્થાનક સુધી ક્ષપક શ્રેણીવાળા જીવોને આશ્રયીને હોય છે.

૧૦૯. દર્શનાવરણીયનો નવમો ભાંગો કેટલા જીવ ભેદમાં તથા ગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ. અબંધ, ૪,૯ આ નવમો ભાંગો એક સન્ની પર્યાપ્તાજીવમાં તથા ઉપશમ શ્રેણી વાળાને અગ્યારમા ગુણસ્થાનકે જ હોય છે.

૧૧૦. દર્શનાવરણીયનો દશમો ભાંગો કેટલા જીવભેદમાં તથા ગુણ સ્થાનકમાં હોય ? કયા ?

ઉ. અબંધ, ૫-૯ આ દશમો ભાંગો એક સન્ની પર્યાપ્તાજીવમાં તથા ઉપશમ શ્રેણીવાળા અગ્યારમા ગુણસ્થાનકમાં જ રહેલા જીવોને હોય છે.

૧૧૧. દર્શનાવરણીયનો અગ્યારમો ભાંગો કેટલો જીવભેદમાં તથા ગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ અબંધ, ૪,૬ આ ભાંગો એક સન્નીપર્યાપ્તા જીવમાં તથા બારમા ગુણસ્થાનકે ઉપાન્ત્ય સમય સુધી હોય છે.

૧૧૨. દર્શનાવરણીયનો બારમો ભાંગો કેટલા જીવ ભેદમાં તથા ગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ અબંધ, ૫,૬ આ ભાંગો એક સન્નીપર્યાપ્તા જીવમાં તથાબારમા ગુણસ્થાનકે ઉપાન્ત્ય સમય સુધી હોય છે.

૧૧૩. દર્શનાવરણીયનો તેરમો ભાંગો કેટલા જીવ ભેદમાં તથા ગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ અબંધ ૪,૪ આ ભાંગો એક સન્ની પર્યાપ્તા જીવમાં તથા બારમા ગુણસ્થાનકના અંત સમયે જ હોય છે.

૧૧૪. એક થી ૧૨ જીવભેદમાં દર્શનાવરણીયનાં કેટલા ભાંગા હોય ? કયા ?

ઉ સૂક્ષ્મ અપર્યાપ્તા થી અસન્ની પર્યાપ્તા એમ બાર જીવ ભેદને વિષે બે ભાંગા હોય

૧. : ૯,૪,૯, ૨. :૯,૫,૯ હોય છે.

૧૧૫. સન્ની અપર્યાપ્તા જીવોમાં કેટલા ભાંગા હોય ? કયા ?

ઉ ચાર ભાંગા હોય ૧-૯,૪,૯, ૨-૯,૫,૯, ૩-૬,૪,૯, અને ૪-૬,૫,૯,

૧૧૬. સન્ની પર્યાપ્તાજીવમાં દર્શનાવરણીયના કેટલા ભાંગા હોય ? કયા ?

ઉ સઘળાય ૧૩ ભાંગા હોય છે.

૧૧૭. પહેલા બીજા ગુણસ્થાનકે દર્શનાવરણીયનાં કેટલા ભાંગા હોય ? કયા?

ઉ ૧-૯,૪,૯ ૨-૯,૫,૯

૧૧૮. ત્રીજાથી સાતમા ગુણસ્થાનક સુધી કેટલા ભાંગા હોય ?

ઉ બે ભાંગા ૧-૬,૪,૯, તથા ૨-૬,૫,૯

૧૧૯. આઠમા ગુણસ્થાનકે કેટલા ભાંગા હોય ? કયા ?

ઉ ચાર ભાંગા ૧-૬,૪,૯, ૨-૬,૫,૯, ૩-૪,૪,૯ અને ૪-૪,૫,૯ હોય.

૧૨૦. નવમા ગુણસ્થાનકે કેટલા ભાંગા હોય ? કયા ?

ઉ ચાર ભાંગા ૧-૪,૪,૯. ૨-૪,૫,૯. ૩-૪,૪,૬. ૪-૪,૫,૬. હોય

૧૨૧. દશમા ગુણસ્થાનકે કેટલા ભાંગા હોય ? કયા ?

ઉ ચાર ભાંગા ૧-૪,૪,૯. ૨-૪,૫,૯. ૩-૪,૪,૬. અને ૪-૪,૫,૬. હોય.

૧૨૨. અગ્યારમા ગુણસ્થાનકે કેટલા ભાંગા હોય ?

ઉ બે ભાંગા ૧-૦,૪,૯ ૨-૦,૫,૯ હોય.

૧૨૩. બારમા ગુણસ્થાનકે કેટલા ભાંગા હોય ? કયા ?

ઉ ત્રણ ભાંગા ૧-૦,૪,૬. ૨-૦,૫,૬. અને ૦,૪,૪ હોય છે.

*ગોઅંમિ સત્ત ભંગા*

*અટ્ઠય ભંગા હવંતિ વેઅણિએ ।*

*પણ નવ નવ પણ ભંગા*

*આઊ ચઊકકે વિ કમસો ઉ ॥૧૧॥*

ભાવાર્થ : ગોત્ર કર્મના સંવેધ ભાંગા સાત, વેદનીય કર્મના સંવેધ ભાંગા-આઠ આયુષ્ય કર્મના સંવેધ ભાંગા અનુક્રમે નારકીનાં પાંચ, તિર્યંચના નવ, મનુષ્યના નવ, અને દેવતાના પાંચ હોય છે.॥૧૧॥

૧૨૪. ગોત્રકર્મનાં બંધસ્થાન કેટલા હોય । કયા ? શાથી ?

ઉ ગોત્ર કર્મનું એક પ્રકૃતિ રૂપ એક બંધસ્થાન હોય છે. બન્ને પ્રકૃતિ પરાવર્તમાન હોવાથી એક સમયે એક પ્રકૃતિનો બંધ થાય છે. નીચ ગોત્ર બંધાય ત્યારે ઉચ્ચ ગોત્ર ન બંધાય. ઉચ્ચ ગોત્ર બંધાય ત્યારે નીચ ગોત્ર બંધાતુ નથી. માટે એકનું બંધસ્થાન ગણાય છે.

૧૨૫. નીચગોત્રનો બંધ કેટલા જીવ ભેદમાં તથા ગુણસ્થાનકમાં હોય ?

ઉ ચૌદે ચૌદ જીવ ભેદમાં બંધાય તથા પહેલા બીજા ગુણસ્થાનકે બંધાય છે.

૧૨૬. ઉચ્ચગોત્રનો બંધ કેટલા જીવ ભેદમાં તથા ગુણસ્થાનકમાં બંધાય ?

ઉ ચૌદે ચૌદ જીવ ભેદમાં બંધાય તથા ૧ થી ૧૦ ગુણસ્થાનકમાં બંધાય છે.

૧૨૭. ઉચ્ચગોત્રનો સતત બંધ કેટલા ગુણસ્થાનકથી હોય? શાથી?

ઉ. ત્રીજા ગુણ સ્થાનકથી દસમા ગુણસ્થાનક સુધી સતત બંધ હોય છે તેની પ્રતિપક્ષી પ્રકૃતિ બંધમાં ન હોવાથી આ એક જ બંધાતી હોય છે.

૧૨૮. ગોત્ર કર્મના ઉદય સ્થાન કેટલા હોય ? કયા ?

ઉ. ગોત્ર કર્મ નું એક પ્રકૃતિનું એક ઉદય સ્થાન હોય છે. કારણકે ઉદયમાં પણ બન્ને પ્રકૃતિઓ પરાવર્તમાન હોય છે, તેથી નીચ ગોત્રનો ઉદય હોય ત્યારે ઉચ્ચ ગોત્રનો ઉદય હોતો નથી. અને ઉચ્ચ ગોત્રના ઉદય વખતે નીચ ગોત્રનો ઉદય હોતો નથી.

૧૨૯. નીચગોત્રનો ઉદય કેટલા જીવ ભેદમાં તથા ગુણસ્થાનકમાં હોય ? કયા?

ઉ. ચૌદ જીવ ભેદમાં હોય તથા ૧ થી ૫ ગુણસ્થાનકમાં ઉદય હોય છે.

૧૩૦. ઉચ્ચ ગોત્રનો ઉદય કેટલા જીવ ભેદમાં તથા કેટલા ગુણસ્થાનકમાં હોય? કયા ?

ઉ. બે જીવભેદમાં (સન્ની અપર્યાપ્તા, સન્ની પર્યાપ્તા) તથા ચૌદ ગુણસ્થાનકમાં ઉદય હોય છે.

૧૩૧. ગોત્ર કર્મનાં સત્તા સ્થાનો કેટલા હોય ? કયા ?

ઉ. બે સત્તા સ્થાનો હોય ૧.બે પ્રકૃતિનું ૨. એક પ્રકૃતિનું

૧) બે પ્રકૃતિનુ : ઉચ્ચ ગોત્ર, નીચ ગોત્રનું

૨) એક પ્રકૃતિનું : નીચ ગોત્રનું અને એક પ્રકૃતિનું ઉચ્ચ ગોત્રનું પણ હોય છે.

૧૩૨. ગોત્રકર્મનું બે પ્રકૃતિનું સત્તાસ્થાન કેટલા જીવભેદમાં તથા કેટલા ગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ. ચૌદ જીવબેદમાં તથા ૧ થી ૧૪મા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી હોય છે.

૧૩૩. નીચગોત્રની સત્તા કેટલા જીવભેદમાં તથા કેટલા ગુણસ્થાનકમાં હોય?

ઉ. ચૌદ જીવભેદમાં તથા પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકમાં હોય છે.

૧૩૪. એક નીચગોત્રની સત્તા ચૌદ જીવભેદમાં કઈ રીતે ઘટી શકે ?

ઉ. બે ગોત્રની સત્તાવાળો કોઈ જીવ મરણ પામી તેઉકાય કે વાયુકાયમાં

ઉત્પન્ન થાય અને ત્યાં અસંખ્યાત કાળ સુધી રહેવાનો હોય એવો જીવ ઉત્પન્ન થતાંની સાથે જ સત્તામાં રહેલ ઉચ્ચ ગોત્રની ઉદ્વલના શરૂ કરી તેને સત્તામાંથી સંપૂર્ણ ક્ષય કરે છે. એવો એક નીચગોત્રની સત્તાવાળો જીવમરીને પૃથ્વી કાય. અપ્કાય, વનસ્પતિકાય,વિકલેન્દ્રિય, અસન્ની, સન્ની પંચન્દ્રિય તિર્યંચ રૂપે ઉત્પન્ન થાય ત્યારે તે જીવો જયાં સુધી શરીર પર્યાપ્તીથી પર્યાપ્ત ન થાય ત્યાં સુધીના કાળમાં આ એક નીચગોત્રની સત્તાવાળા હોય છે, તે કારણથી ચૌદ જીવ ભેદમાં નીચગોત્રની સત્તા ઘટે છે. શરીરુ પર્યાપ્તિથી પર્યાપ્ત થયા બાદ મનુષ્યગતિ નો પણ બંધ કરી શકે છે તેની સાથે ઉચ્ચ ગોત્રનો બંધ થતો હોવાથી બેની સત્તાવાળો થાય છે.

૧૩૫. ઉચ્ચ ગોત્રની સત્તા કેટલા જીવ ભેદમાં તથા ગુણ સ્થાનકમાં હોય ?

ઉ. એક સન્ની પર્યાપ્તાજીવ ભેદ તથા એક ચૌદમા ગુણસ્થાનકના અંત સમયે જ હોય છે.

૧૩૬. એક ઉચ્ચ ગોત્રની સત્તા કઈ રીતે જણાય ?

ઉ. ચૌદમા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી બે ગોત્રની સત્તા હોય તેમાંથી નીચગોત્રનો ક્ષય થતાં એક ઉચ્ચ ગોત્રની સત્તા રહે છે.

૧૩૭. ગોત્રકર્મનાં બંધસ્થાન, ઉદય સ્થાન, સત્તા સ્થાન કેટલા કેટલા થાય?

ઉ. બે બંધસ્થાન - નીચગોત્રનું, ઉચ્ચ ગોત્રનું, બે ઉદય સ્થાન - નીચ ગોત્રનું, ઉચ્ચગોત્રનું, ત્રણ સત્તાસ્થાન-નીચગોત્રની બે ગોત્રની અને ઉચ્ચ ગોત્રની થાય છે.

૧૩૮. ગોત્ર કર્મનાં સંવેધ ભાંગા કેટલા થાય ? કયા ?

ઉ. સાત સંવેધ ભાંગા થાય છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | નીચનો બંધ | નીચનો ઉદય | નીચની સત્તા |
| ૨. | નીચનો બંધ | નીચનો ઉદય | બેની સત્તા |
| ૩. | નીચનો બંધ | ઉચ્ચનો ઉદય | બેની સત્તા |
| ૪. | ઉચ્ચનો બંધ | નીચનો ઉદય | બેની સત્તા |
| ૫. | ઉચ્ચનો બંધ | ઉચ્ચનો ઉદય | બેની સત્તા |
| ૬. | અબંધ | ઉચ્ચાનો ઉદય | બેની સત્તા |

૭. અબંધ ઉચ્ચનો ઉદય ઉચ્ચની સત્તા

૧૩૯. ગોત્રકર્મનો પહેલો ભાંગો કેટલા જીવ ભેદમાં તથા ગુણસ્થાનકમાં હોય? કયા ?

ઉ. નીચ-નીચ-નીચ આ પહેલો ભાંગો ચૌદ જીવભેદમાં તથા પહેલા ગુણસ્થાનકમાં જ હોય છે.

૧૪૦. ગોત્રકર્મનો બીજો ભાંગો કેટલા જીવભેદમાં તથા ગુણસ્થાનકમાં હોય? કયા?

ઉ. નીચ,નીચ-૨. આ ભાંગો ચૌદ જીવ ભેદમાં તથા પહેલા અને બીજા બે ગુણસ્થાનકમાં હોય છે.

૧૪૧. ગોત્રકર્મનો ત્રીજો ભાંગો કેટલા જીવ ભેદમાં તથા ગુણસ્થાનકમાં હોય?

ઉ. નીચ-ઉચ્ચ-૨.આ ભાંગો બે (સન્ની અપર્યાપ્તા-સન્ની પર્યાપ્તા) જીવ ભેદમાં તથા પહેલા બીજા બે ગુણસ્થાનકમાં હોય છે.

૧૪૨. ગોત્ર કર્મનો ચોથો ભાંગો કેટલા જીવભેદમાં તથા ગુણસ્થાનકમાં હોય? કયા ?

ઉ. ઉચ્ચ-નીચ, ૨.આ ભાંગો ચૌદ જીવભેદોમાં તથા ૧ થી પાંચ ગુણ સ્થાનકને વિષે હોય છે.

૧૪૩. ગોત્રકર્મનો પાંચમો ભાંગો કેટલા જીવભેદમાં તથા ગુણસ્થાનકમાં હોય? કયા?

ઉ. ઉચ્ચ-ઉચ્ચ-૨, આ ભાંગો બે (સન્ની અપર્યાપ્તા, સન્ની પર્યાપ્તા) જીવ ભેદમાં તથા ૧ થી ૧૦ મા ગુણસ્થાનક સુધી હોય છે.

૧૪૪. ગોત્ર કર્મનો છટ્ઠો ભાંગો કેટલા જીવ ભેદ માં તથા ગુણસ્થાનકમાં હોય? કયા?

ઉ. અબંધ-ઉચ્ચ.-૨ આ ભાંગો એક સન્ની પર્યાપ્તાજીવ ભેદમાં હોય તથા ૧૧ થી ૧૪મા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સુધી હોય છે.

૧૪૫. ગોત્રકર્મનો સાતમો ભાંગો કેટલા જીવભેદમાં તથા ગુણસ્થાનકમાં હોય? કયા ?

ઉ. અબંધ-ઉચ્ચ-ઉચ્ચ આ ભાંગો એક સન્ની પર્યાપ્તાજીવભેદમાં તથા એક ચૌદમા ગુણસ્થાનકના અંત સમયે જ હોય છે.

૧૪૬. ગોત્રકર્મના ૧ થી ૧૨ જીવભેદમાં કેટલા ભાંગા હોય ?

ઉ. સૂક્ષ્મ અપર્યાપ્તા થી અસન્ની પર્યાપ્તાસુધી નાં ૧૨ જીવ ભેદમાં ત્રણ ભાંગા હોય છે.૧.નીચ-નીચ-નીચ,૨.નીચ-નીચ-૨,૩ ઉચ્ચનીચ ૨ આ ત્રણ હોય છે.

૧૪૭. ગોત્રકર્મના સન્નીઅપર્યાપ્તા જીવભેદમાં કેટલા ભાંગા હોય ? કયા ?

ઉ. પાંચ ભાંગા હોય ૧.નીચ.નીચ.નીચ. ૨.નીચ,નીચ-૨. ૩.નીચ-ઉચ્ચ-૨, ૪.ઉચ્ચ,નીચ-૨, ૫.ઉચ્ચ ઉચ્ચ-૨

૧૪૮. ગોત્રકર્મનાં સન્નીપર્યાપ્તા જીવમાં કેટલા ભાંગા હોય ? કયા ?

ઉ. સાતેય ભાંગા હોય છે.

૧૪૯. પહેલા - બીજા ગુણસ્થાનકે ગોત્રકર્મનાં ભાંગા કેટલા હોય? કયા ?

ઉ. પાંચ ભાંગાહોય ૧.નીચ.નીચ.નીચ, ૨.નીચ,નીચ-૨.૩.ઉચ્ચ,નીચ-૨,૪ નીચ,ઉચ્ચ-૨, ૫.ઉચ્ચ, ઉચ્ચ-૨ બીજા ગુણ. કે પહેલા સિવાય ચાર ભાંગા હોય.

૧૫૦. ત્રીજા ચોથા પાંચમા ગુણસ્થાનકે ગોત્રકર્મનાં ભાંગા કેટલા હોય?

ઉ. બે ભાંગા હોય ૧. ઉચ્ચ-નીચ-૨, ૨.ઉચ્ચ-ઉચ્ચ -૨.

૧૫૧. છટ્ઠા ગુણસ્થાનકનથી દશમા સુધી ગોત્ર કર્મના ભાંગા કેટલા હોય ? કયા?

ઉ. એક ભાંગો ૧. ઉચ્ચ-ઉચ્ચ-૨

૧૫૨. અગ્યારથી તેર ગુણસ્થાનક સુધી ગોત્રકર્મનાં ભાંગા કેટલા હોય ? કયા?

ઉ. એક ભાંગો ૧. અબંધ-ઉચ્ચ-૨

૧૫૩. ચૌદમા ગુણસ્થાનકે ગોત્રકર્મનાં કેટલા ભાંગા હોય ?

ઉ. બે ભાંગા હોય

૧. અબંધ-ઉચ્ચ-૨ ઉપાન્ત્ય સમય સુધી

૨. અબંધ-ઉચ્ચ-ઉચ્ચ ચરમ સમયે જ હોય.

૧૫૪. વેદનીય કર્મના બંધસ્થાન કેટલા હોય ? કયા ? શાથી ?

ઉ. વેદનીયના બંધસ્થાન બે હોય છે. ૧. અશાતા વેદનીય અને ૨. શાતા

વેદનીય, એક પ્રકૃતિનું. આ બન્ને પ્રકૃતિઓ પરાવર્તમાન હોવાથી એક સાથે બંધમા હોતી નથી.

૧૫૫. અશાતા વેદનીયનો બંધ કેટલા જીવભેદમાં તથા ગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ. ચૌદ જીવભેદમાં હોય તથા ૧ થી ૬ ગુણસ્થાનક સુધી બંધમાં હોય છે.

૧૫૬. શાતા વેદનીય નો બંધ કેટલા જીવ ભેદમાં તથા ગુણસ્થાનકમાં હોય ? કયા ?

ઉ. ચૌદ જીવભેદમાં હોય તથા ૧ થી ૧૩ ગુણસ્થાનકમાં બંધ હોય છે.

૧૫૭. વેદનીય કર્મનાં ઉદયસ્થાન કેટલા હોય ? શાથી ?

ઉ. વેદનીય કર્મની બન્ને પ્રકૃતિઓ ઉદયમાં પરાવર્તમાન હોવાથી જયારે એકનો ઉદય હોય ત્યારે બીજીનો ઉદય હોતો નથી. તેથી એક સમયે એક પ્રકૃતિનો ઉદય હોય છે તેના કારણે બે ઉદય સ્થાન હોય.

૧. અશાતા વેદનીયનું ૨. શાતા વેદનીયનું

૧૫૮. અશાતા વ્રેદનીયનો ઉદય કેટલા જીવ ભેદમાં તથા ગુણસ્થાનકમાં હોય? શાથી ?

ઉ. ચૌદ જીવભેદમાં હોય તથા ચોદ ગુણસ્થાનકમાં હોય

૧૫૯. શાતા વેદનીયનો ઉદય કેટલા જીવભેદ તથા ગુણસ્થાનકમાં હોય ?

ઉ. ચૌદ જીવભેદમાં તથા ચૌદ ગુણસ્થાનકમાં હોય છે.

૧૬૦. શાતા-અશાતા બન્ને નો ઉદય ચૌદમા ગુણસ્થાનકે શી રીતે હોય ? (જણાય?)

ઉ. વેદનીયની બે પ્રકૃતિઓમાંથી તેરમા ગુણસ્થાનકે ઉદયમાંથી કોઈપણ એક પ્રકુતિનો અંત થાય છે તેમાં જે જીવોને તેરમાના અંતે શાતાનો ઉદય હોય તેઓને અશાતાનો અંત થતો હોવાથી ચૌદમે શાતાનો ઉદય રહે છે અને જે જીવોને તેરમાના અંતે અશાતાનો ઉદય હોય તેઓને ચૌદમે અશાતાનો ઉદય રહે છે ત્યારે તેઓને શાતાનો ઉદય વિચ્છેદ થાય છે આ કારણથી જીવ વિવક્ષાના કારણે ફેર પડતો હોવાથી ચૌદમે બન્નેનો ઉદય ગણી શકાય છે.

૧૬૧. વેદનીય કર્મનાં સત્તાસ્થાનો કેટલા હોય? કયા ?

ઉ. બે સત્તાસ્થાનો હોય ૧.બે પ્રકૃતિનું અને બીજું એક પ્રકૃતિનું શાતા અથવા અશાતા વેદનીય

૧૬૨. વેદનીયની બે પ્રકૃતિનું સત્તાસ્થાન કેટલા જીવભેદમાં તથા ગુણસ્થાનકમાં હોય ?

ઉ. ચૌદ જીવભેદમાં તથા ૧ થી ૧૪મા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી સત્તા હોય છે.

૧૬૩. વેદનીયની એક પ્રકૃતિની સત્તા કેટલા જીવભેદમાં તથા ગુણ સ્થાનકમાં હોય ?

ઉ. એક સન્નીપર્યાપ્તા જીવભેદમાં તથા એક ચૌદમા ગુણસ્થાનકના અંત સમયે જ હોય છે.

૧૬૪. વેદનીય કર્મનાં સંવેધ ભાંગા કેટલા થાય ? કયા ?

ઉ. આઠ ભાંગા હોય છે તે પ્રમાણે

૧. અશાતાનો બંધ, અશાતાનો ઉદય, બેની સત્તા.

૨. શાતા - અશાતા-૨ ૩. અશાતા- શાતા-૨

૪. શાતા-શાતા-૨ ૫. અબંધ-અશાતા-૨

૬. અબંધ - શાતા -૨ ૭. અબંધ - અશાતા - અશાતા

૮. અબંધ - શાતા - શાતા આ આઠ થાય છે.

૧૬૫. વેદનીયના અશાતા અશાતા -૨, અશાતા - શાતા -૨ આ બે ભાંગા કેટલા જીવભેદમાં તથા ગુણસ્થાનકમાં હોય છે.

ઉ. ચૌદ જીવભેદમાં તથા ૧ થી ૬ ગુણસ્થાનકમાં હોય છે.

૧૬૬. વેદનીયના શાતા અશાતા-૨, અશાતા-શાતા-૨ આ બે ભાંગા કેટલા જીવભેદમાં તથા ગુણસ્થાનકમાં હોય ?

ઉ. ચૌદ જીવભેદમાં તથા ૧ થી ૧૩ ગુણસ્થાનકમાં હોય

૧૬૭. વેદનીયનો પાંચમો છટ્ઠો બે ભાંગા કેટલા જીવભેદમાં તથાગુણસ્થાનકમાં હોય ?

ઉ. એક સન્ની પર્યાપ્તાજીવભેદમાં એક ગુણસ્થાનક (ચૌદમા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી) હોય.

૧૬૮. વેદનીયના છેલ્લા બે ભાંગા કેટલા જીવ ભદમાં તથા ગુણસ્થાનકમાં હોય?

ઉ. એક સન્ની પર્યાપ્તાજીવભેદ તથા એક ગુણસ્થાનકમાં (ચૌદમાના અંત સમયે) હોય છે.

## *આયુષ્ય કર્મનાં ભાંગાઓનું વર્ણન*

૧૬૯. નરકગતિમાં રહેલા જીવો કેટલા આયુષ્યનો બંધ કરે ? કેટલા વર્ષના આયુષ્યનો બંધ કરે ? શાથી ?

ઉ. નરકગતિમાં રહેલા જીવો સન્નીપર્યાપ્તા મનુષ્ય તથા તિર્યંચોનું આયુષ્ય બાંધે છે તથા સંખ્યાત વર્ષના આયુષ્યનો બંધ કરે છે.

૧૭૦. કઈ કઈ નરકવાળા જીવો કયા કયા ગુણસ્થાનકે કેટલા આયુષ્યનો બંધ કરે ?

ઉ. ૧ થી ૬ નરકના જીવો પહેલા તથા બીજા ગુણસ્થાનકે સન્નીપર્યાપ્તા મનુષ્ય તથા તિર્યંચ બન્ને પ્રકારના આયુષ્યમાંથી કોઈપણ આયુષ્યબાંધે છે. ચોથાગુણસ્થાનકે રહેલા જીવો એક મનુષ્યાયુષ્ય બાંધે છે.

સાતમી નરકમાં રહેલા જીવો પહેલા ગુણસ્થાનકે જ એક તિર્યંચનું આયુષ્ય બાંધે છે બાકીના ગુણસ્થાનકમાં આયુષ્ય બંધાતુ નથી.

૧૭૧. નરકાયુષ્યનો ઉદય કેટલા ગુણસ્થાનકમાં હોય ?

ઉ. નરકગતિમાં ચાર ગુણસ્થાનક હોવાથી ૧ થી ૪ ગુણસ્થાનકમાં ઉદય હોય છે.

૧૭૨. નરકમાં રહેલા જીવો આયુષ્યનો બંધ કયારે કરે ?

ઉ. નરકમાં રહેલા જીવો પોતાના આયુષ્યનાં ૬ મહિના બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે અને એક અંતર્મુહૂર્ત સુધી બંધાય છે.

૧૭૩. નરકગતિમાં આયુષ્યની સત્તા કઈ રીતે જાણવી ?

ઉ. આયુષ્ય બંધકાળ પહેલા રહેલા જીવોને એક નરકાયુષ્યની સત્તા હોય છે તથા આયુષ્ય બાંધતા કે બંધકાળ પછી જે આયુષ્ય બંધાય તે અને ભોગવાતુ આયુષ્ય એમ બેની સત્તા ગણાય છે.

૧૭૪. નરકાયુષ્યનાં સંવેધ ભાંગા કેટલા થાય ? કયા ?

ઉ. પાંચ સંવેધ ભાંગા થાય તે આ પ્રમાણે

૧. અબંધ, નરકાયુષ્યનો ઉદય, નરકાયુષ્યની સત્તા.

૨. તિર્યંચ - નરકા - તિર્યંચ - નરકાયુષ્યની સત્તા.

૩. મનુષ્ય - નરકા - મનુષ્ય - નરકાયુષ્યની સત્તા.

૪. અબંધ - નરકા - તિર્યંચ - નરકાયુષ્ય

૫. અબંધ - નરકા -મનુષ્ય - નરકાયુષ્ય

૧૭૫. નરકાયુષ્યનો પહેલો ભાંગો કેટલી નારકીમાં હોય તથા કયારે હોય ?

ઉ. અબંધ-નરકા-નરકા આ ભાંગો આયુષ્ય બંધકાળ પહેલા નરકગતિનાં જીવોને હોય છે. ૧ થી ૭ નરકમાં હોય તથા ૧ થી ૪ ગુણસ્થાનકમાં હોય છે.

૧૭૬. નરકાયુષ્યનો બીજો ભાંગો કયારે હોય કયા જીવોને કેટલા ગુણસ્થાનકમાં હોય ?

ઉ. તિર્યંચ, નરકા, તિર્યંચ, નરકા આ ભાંગો તિર્યંચ આયુષ્યનો બંધ કરતાં નારકીનાં જીવોને હોય. ૧ થી ૭ નારકમાં હોય. ૧ થી ૬ નારકમાં પહેલા બીજા ગુણસ્થાનકે હોય તથા સાતમી નારકીમાં પહેલા ગુણસ્થાનકે હોય છે.

૧૭૭. નરકાયુષ્યનો ત્રીજો ભાંગો કયારે કયા જીવોને કેટલા ગુણસ્થાનકમાં હોય ?

ઉ. મનુષ્ય, નરકા, મનુષ્ય, નરકા આ ભાંગો મનુષ્યાયુષ્યનો બંધ કરતાં ૧ થી ૬ નરકના જીવોને હોય છે. પહેલા બીજા અને ચોથા ગુણસ્થાનકમાં હોય છે.

૧૭૮. નરકાયુષ્યનો ચોથો ભાંગો કયા જીવોને કયારે તથા કેટલા ગુણસ્થાનકમાં હોય ?

ઉ. અબંધ, નરકા, તિર્યંચ,નરકા આ ભાંગો તિર્યંચાયુષ્યના બંધ પછીના કાળમાં રહેલા જીવોને હોય છે ૧ થી ૭ નરકમાં હોય તથા ૧ થી ૪ ગુણસ્થાનકમાં હોય છે.

૧૭૯. નરકાયુષ્યનો પાંચમો ભાંગો કયા જીવોને કયારે તથા કેટલા ગુણસ્થાનકમાં હોય ?

ઉ. અબંધ,નરકા, મનુષ્ય,નરકા આ ભાંગો મનુષ્યાયુષ્યના બંધકાળ

પછીના કાળમાં નરકના જીવોને હોય છે. ૧ થી ૬ નરકમાં હોય છે. તથા ૧ થી ૪ ગુણસ્થાનકમાં હોય છે સાતમી નારકીમાં આ ભાંગો હોતો નથી.

૧૮૦. નરકાયુષ્યનાં છ નારકીમાં કેટલા ભાંગા હોય ? કયા ?

ઉ. ૧ થી ૬ નારકીમાં પાંચ ભાંગા હોય.

૧. અબંધ-નરકા-નરકા
૨. તિર્યંચ-નરકા, તિર્યંચ-નરકા
૩. મનુષ્ય-નરકા-મનુષ્ય-નરકા
૪. અબંધ-નરકા-તિર્યંચ-નરકા
૫. અબંધ-નરકા-મનુષ્ય-નરકા

૧૮૧. સાતમી નારકીમાં કેટલા ભાંગા હોય ? કયા ?

ઉ. ત્રણ ભાંગા હોય છે. ૧. અબંધ-નરકા-નરકા, ૨. તિર્યંચ-નરકા-તિર્યંચ-નરકા ૩. અબંધ-નરકા-તિર્યંચ-નરકા

૧૮૨. તિર્યંચગતિનાં જીવો કેટલા આયુષ્યનો બંધ કરે ? કયા કયા ગુણઠાણે બંધાય છે.

ઉ. ચારે પ્રકારના આયુષ્ય બાંધી શકે છે તેમાં નરકાયુષ્યનો બંધ પહેલા ગુણ ઠાણે

તિર્યંચાયુષ્યનો બંધ - પહેલા - બીજા ગુણઠાણે

મનુષ્યાયુષ્યનો બંધ - પહેલા - બીજા ગુણઠાણે

દેવાયુષ્યનો બંધ - પહેલા - બીજા - ચોથા - પાંચમા ગુણઠાણે બંધાય છે.

૧૮૩. તિર્યંચાયુષ્યનો ઉદય કેટલા ગુણઠાણા સુધી હોય ?

ઉ. એક થી પાંચ ગુણસ્થાનક સુધી ઉદયમાં હોય છે.

૧૮૪. તિર્યંચગતિમાં ચારે આયુષ્યની સત્તા કેટલા ગુણઠાણા સુધી હોય ?

ઉ. ચારે આયુષ્યની સત્તા ૧ થી ૫ ગુણસ્થાનકમાં હોય છે.

૧૮૫. તિર્યંચાયુષ્યના સંવેધ ભાંગા કેટલા થાય ? કયા ?

ઉ. નવ ભાંગા થાય છે એક આયુષ્ય બંધ પછીનો હોય

૧. અબંધ, તિર્યંચાયુષ્યનો ઉદય, તિર્યંચાયુષ્યની સત્તા

૨. નરકાયુષ્યનો બંધ, તિર્યંચાયુષ્ય નો ઉદય, નરક તિર્યંચાયુષ્યની સત્તા.

૩. તિર્યંચા, તિર્યંચા - તિર્યંચ - તિર્યંચાયુષ્યની સત્તા

૪. મનુષ્ય, તિર્યંચા - મનુષ્યં - તિર્યંચાયુષ્યની સત્તા.

૫. દેવ,તિર્યંચા -દેવ - તિર્યંચાયુષ્યની સત્તા.

૬. અબંધ - તિર્યંચા - નરક તિર્યંચાયુષ્યની સત્તા.

૭. અબંધ - તિર્યંચ -તિર્યંચ - તિર્યંચાયુષ્યની સત્તા.

૮. અબંધ - તિર્યંચ -મનુષ્ય - તિર્યંચાયુષ્યની સત્તા.

૯. અબંધ - તિર્યંચ -દેવ તિર્યંચાયુષ્યની સત્તા

૧૮૬. તિર્યંચાયુષ્યનો પહેલો ભાંગો કેટલા ગુણઠાણા સુધી હોય ? કયારે હોય?

ઉ. અબંધ-તિર્યંચા-તિર્યંચા આભાંગો આયુષ્ય અબંધકાળ પહેલા જીવોને હોય અને ૧ થી પાંચ ગુણસ્થાનકમાં હોય છે.

૧૮૭. તિર્યંચાયુષ્યનો બીજો ભાંગો કયારે હોય તથા કેટલા ગુણસ્થાનકમાં હોય ?

ઉ. નરક-તિર્યંચ-નરકતિર્યંચા આ ભાંગો નરકાયુષ્યના બંધકાળ વખતે તિર્યંચોને હોય અને તે પહેલા ગુણસ્થાનકે જ હોય છે.

૧૮૮. તિર્યંચાયુષ્યનો ત્રીજો ભાંગો કયારે હોય ? કેટલા ગુણઠાણામાં હોય ?

ઉ. તિર્યંચ - તિર્યંચ - તિર્યંચ - તિર્યંચ આ ત્રીજો ભાંગો તિર્યંચાયુષ્યના બંધકાળમાં જીવોને હોય છે અને તે પહેલા તથા બીજા ગુણસ્થાનકમાં હોય છે.

૧૮૯. તિર્યંચાયુષ્યનો ચોથો ભાંગો કયારે તથા કયા ગુણસ્થાનકમાં હોય ?

ઉ. મનુષ્ય-તિર્યંચ-મનુષ્યતિર્યંચા-આ ચોથો ભાંગો મનુષ્યાયુષ્યના બંધકાળ વખતે જીવોને હોય છે અને તે પહેલા અને બીજા ગુણસ્થાનકમાં રહેલા જીવોને હોય.

૧૯૦. તિર્યંચાયુષ્યનો પાંચમો ભાંગો કયારે તથા કેટલા ગુણસ્થાનકમાં હોય?

ઉ. દેવ-તિર્યંચ-દેવતિર્યંચા આ પાંચમો ભાંગો દેવાયુષ્યના બંધકાળમાં વિદ્યમાન જીવોને હોય છે તથા ૧-૨ ચાર અને પાંચ ગુણસ્થાનકમાં હોય છે.

૧૯૧. તિર્યંચાયુષ્યનો છટ્ઠો ભાંગો કયારે હોય તથા કેટલા ગુણસ્થાનકમાં

હોય?

ઉ. અબંધ-તિર્યંચ-નરક-તિર્યંચા આ ભાંગો આયુષ્ય બંધ (નરકાયુષ્ય બંધ)કાળ પછીના કાળમાં રહેલા જીવોને હોય અને ૧ થી પાંચ ગુણ સ્થાનકમાં હોય છે.

૧૯૨. તિર્યંચાયુષ્યનો સાતમો ભાંગો કયારે તથા કેટલા ગુણસ્થાનકમાં હોય ?

ઉ. અબંધ-તિર્યંચ-તિર્યંચ-તિર્યંચા. આ ભાંગો તિર્યંચાયુષ્યના બંધકાલ પછીના કાળમાં રહેલા જીવોને હોય તથા ૧ થી પાંચ ગુણસ્થાનકમાં હોય છે.

૧૯૩. તિર્યંચાયુષ્યનો આઠમો ભાંગો કયારે હોય તથા કેટલા ગુણ;સ્થાનકમાં હોય?

ઉ. અબંધ-તિર્યંચ, મનુષ્ય-તિર્યંચા. આ ભાંગો મનુષ્યાયુષ્યના બંધકાળ પછીના કાળમાં રહેલા જીવોને હોય તથા ૧ થી પાંચ ગુણસ્થાનકમાં હોય છે.

૧૯૪. તિર્યંચાયુષ્યનો નવમો ભાંગો કયારે હોય તથા કેટલા ગુણસ્થાનકમાં હોય ?

ઉ. અબંધ-તિર્યંચ-દેવતિર્યંચા. આ ભાંગો દેવાયુષ્યના બંધકાળ પછીના કાળમાં વિદ્યમાન જીવોને હોય છે તથા ૧ થી પાંચ ગુણસ્થાનકમાં હોય છે.

૧૯૫. સૂક્ષ્મ અપર્યા. થી અસન્ની અપર્યા. સુધીનાં અગ્યાર જીવો કેટલા આયુષ્યનો બંધ કરે ? કયા ?

ઉ. બે આયુષ્ય બાંધે ૧ તિયંચાયુષ્ય, ૨. મનુષ્યાયુષ્ય

૧૯૬. સૂક્ષ્મ અપર્યા. થી ૧૧ જીવ ભેદમાં તિર્યંચાયુષ્યનાં સંવેધ ભાંગા કેટલા હોય ? કયા ?

ઉ. પાંચ ભાંગા હોય ૧. અબંધ - તિર્યંચા - તિર્યંચાસત્તા

૨. તિર્યંચ.-તિર્યંચ - તિર્યંચાયુષ્ય

૩. મનુષ્ય-તિર્યંચ, મનુષ્ય તિર્યંચાયુષ્ય

૪. અબંધ - તિર્યંચ - તિર્યંચ - તિર્યંચા

૫. અબંધ - તિર્યંચ - મનુષ્ય - તિર્યંચાયુષ્યની સત્તા

૧૯૭. અસન્ની પર્યાપ્તા તથા સન્ની પર્યાપ્તા બે જીવ ભેદમાં તિર્યંચાયુષ્યનાં સંવેધ ભાંગા કેટલા હોય ? કયા ?

ઉ. નવ સંવેધ ભાંગા હોય છે.

૧૯૮. સન્ની અપર્યાપ્તા જીવમાં સવેધ ભાંગા કેટલા હોય ? કયા ?

ઉ. પાંચ ભાંગા હોય ૧. આયુષ્ય અબંધકાળ

૨-૩ આયુષ્ય બંધકાળ, ૪-૫ આયુષ્ય અબંધકાળનાં જાણવા

૧. અબંધ - તિર્યંચ - તિર્યંચ

૨. તિર્યંચ - તિર્યંચ - તિર્યંચ - તિર્યંચ

૩. મનુષ્ય - તિર્યંચ - મનુષ્ય - તિર્યંચ

૪. અબંધ - તિર્યંચ - તિર્યંચ - તિર્યંચ

૫. અબંધ - તિર્યંચ - મનુષ્ય - તિર્યંચ

૧૯૯. મનુષ્યગતિમાં કેટલા આયુષ્યનો બંધ થઈ શકે ?

ઉ. મનુષ્યગતિમાં ચારે આયુષ્યનો બંધ થાય છે.

૨૦૦. મનુષ્યગતિમાં ચારે આયુષ્યનો બંધ કયા કયા ગુણઠાણે થઈ શકે?

ઉ. નરકાયુષ્યનોબંધ પહેલા ગુણ ઠાણે હોય તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્યનો બંધ પહેલા બીજા ગુણઠાણે હોય દેવાયુષ્યનો બંધ પહેલા બીજા-ચોથા-પાંચમા છટ્ઠા ગુણઠાણે બંધાય તથા છટ્ઠાથી બાંધતો સાતમેજાય તો સાતમે પણ બંધાય છે.

૨૦૧. મનુષ્યનો ઉદય કેટલા ગુણઠાણા સુધી હોય ?

ઉ. ચૌદે ચૌદ ગુણઠાણામાં હોય.

૨૦૨. મનુષ્યગતિમાં ચારે આયુષ્યની સત્તા કેટલા કેટલા ગુણઠાણામાં હોય ? શાથી ?

ઉ. નરકાયુષ્યની સત્તા ૧ થી ૭ ગુણસ્થાનકમાં હોય, તિર્યંચાયુષ્યની સત્તા ૧ થી ૭ ગુણસ્થાનકમાં હોય, પરભવના મનુષ્યના આયુષ્યના બંધક જીવને મનુષ્યની સત્તા ૧ થી ૭ ગુણસ્થાનકમાં હોય. આ ત્રણેનાં આયુષ્યની સત્તાવાળા જીવો ઉપશમશ્રેણી પ્રાપ્ત કરતા નથી. દેવાયુષ્યની સત્તા ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી હોય કારણ કે દેવાયુષ્ય બાંધ્યા પછી જીવ ઉપશમશ્રેણી પ્રાપ્ત કરી શકે છે માટે સત્તા ગણાય છે.

૨૦૩. મનુષ્યાયુષ્યનાં સંવેધ ભાંગા કેટલા હોય ? કયા ?

ઉ. નવ ભાંગા હોય ૧. અબંધ, મનુષ્ય, મનુષ્યાયુષ્ય

૨. નરકાયુષ્યનો બંધ, મનુષ્યાયુષ્યનો ઉદય, નરકમનુષ્યાયુષ્ય ની સત્તા

૩. તિર્યંચ-મનુષ્ય-તિર્યંચમનુષ્યની સત્તા

૪. મનુષ્ય,મનુષ્ય, મનુષ્ય, મનુષ્યની સત્તા

૫. દેવ, મનુષ્ય, દેવ મનુષ્ય ની સત્તા

૬. અબંધ, મનુષ્ય-નરકમનુષ્ય ની સત્તા

૭. અબંધ, મનુષ્ય-તિર્યંચ, મનુષ્યની સત્તા

૮. અબંધ-મનુષ્ય, મનુષ્ય-મનુષ્ય ની સત્તા

૯. અબંધ-મનુષ્ય, દેવ-મનુષ્યની સત્તા જાણવી

૨૦૪. મનુષ્યાયુષ્યનો પહેલો ભાંગો કયા કાળે હોય તથા કેટલા ગુણસ્થાનકમાં હોય ?

ઉ. અબંધ - મનુષ્ય - મનુષ્ય આ ભાંગો આયુષ્ય બંધકાળ પહેલા રહેલા જીવોને હોય છે. ૧ થી ૧૪ ગુણ સ્થાનકમાં હોય.

૨૦૫. મનુષ્યાયુષ્યનો બીજો ભાંગો કયારે હોય તથા કેટલા ગુણસ્થાનકમાં હોય? કયા ?

ઉ. નરક-મનુષ્ય-નરકમનુષ્ય આ ભાંગો નરકાયુષ્યના બંધકાળમાં રહેલા જીવોને હોય. પહેલા ગુણસ્થાનકે હોય.

૨૦૬. મનુષ્યાયુષ્યનો ત્રીજો ભાંગો કયારે તથા કેટલા ગુણઠાણામાં હોય ?

ઉ. તિર્યંચ - મનુષ્ય - તિર્યંચ મનુષ્ય આ ત્રીજો ભાંગો તિર્યંચાયુષ્યના બંધ કાળે વિદ્યમાન જીવોને હોય અને પહેલા બીજા ગુણસ્થાનકમાં હોય છે.

૨૦૭. મનુષ્યાયુષ્યનો ચોથો ભાંગો કયારે તથા કેટલા ગુણઠાણામાં હોય ?

ઉ. મનુષ્ય, મનુષ્ય, મનુષ્ય મનુષ્ય આ ભાંગો મનુષ્યાયુષ્યના બંધ વખતે વિદ્યમાન જીવોને હોય તથા પહેલા બીજા ગુણસ્થાનકમાં હોય છે.

૨૦૮. મનુષ્યાયુષ્યનો પાંચમો ભાંગો કયારે તથા કેટલા ગુણઠાણામાં હોય ?

ઉ. દેવ મનુષ્ય, દેવ મનુષ્ય આ ભાંગો દેવાયુષ્યનો બંધ કરતાં જીવોને હોય

છે તથા ૧,૨,૪,૫,૬ અથવા ૭મા ગુણસ્થનકમાં હોય છે.

૨૦૯. મનુષ્યાયુષ્યનો છટ્ઠો ભાંગો ક્યારે તથા કેટલા ગુણઠાણામાં હોય ? શાથી ?

ઉ. અબંધ, મનુષ્ય, નરકમનુષ્ય. આ ભાંગો નરક આયુષ્ય બંધકાળ પછીના કાળમાં વિદ્યમાન જીવોને હોય છે તથા ૧ થી ૭ ગુણઠાણમાં હોય છે.

૨૧૦. મનુષ્યાયુષ્યનો સાતમો ભાંગો કયારે કેટલા ગુણઠાણમાં હોય ?

ઉ. અબંધ, મનુષ્ય, તિર્યઁચ મનુષ્યનીસત્તા આ ભાંગો તિર્યઁચાયુષ્યના બંધકાળ પછીના કાળમાં વિદ્યમાન જીવોને હોય છે. ૧ થી ૭ માં હોય.

૨૧૧. મનુષ્યાયુષ્યનો આઠમો ભાંગો કયારે કેટલા ગુણઠાણામાં હોય ?

ઉ. અબંધ, મનુષ્ય, મનુષ્ય મનુષ્યનીસત્તા આ ભાંગો મનુષ્યાયુષ્યના બંધ પછીના કાળમાં જીવોને હોય છે તથા ૧ થી ૭ ગુણઠાણામાં હોય છે.

૨૧૨. મનુષ્યાયુષ્યનો નવમો ભાંગો કયારે હોય તથા કેટલા ગુણસ્થાનકમાં હોય ?

ઉ. અબંધ-મનુષ્ય-દેવ-મનુષ્યની સત્તા આ ભાંગો દેવાયુષ્યના બંધ પછીના કાળમાં વિદ્યમાન જીવોને હોય છે તથા ૧ થી ૧૧ ગુણસ્થાનકમાં હોય છે.

૨૧૩. દેવગતિમાં કેટલા આયુષ્યનો બંધ હોય ? કયા કયા ગુણઠાણે હોય ?

ઉ. દેવગતિમાં તિર્યઁચ તથા મનુષ્ય બે આયુષ્ય બંધાય છે (એકેન્દ્રિયનું પૃથ્વીકાય, અપ્કાય, પ્રત્યેક વનસ્પતિકાય, બાદર પર્યાપ્તાનું પણ આયુષ્ય બંધાય તે તિર્યઁચમાં અંતર્ગત ગણાય છે. આ આયુષ્ય સન્ની પર્યાપ્ત સંખ્યાત વર્ષનાં આયુષ્યનું બાંધે છે તથા પહેલા બીજા અને ચોથા ગુણઠાણે બંધાય છે તેમાં પહેલા બીજા ગુણઠાણે તિર્યઁચ મનુષ્ય બે આયુષ્ય બંધાય ચોથા ગુણઠાણે મનુષ્ય બંધાય છે.

૨૧૪. દેવાયુષ્યનો ઉદય કેટલા ગુણઠાણા સુધી હોય?

ઉ. દેવાયુષ્યનો ઉદય ૧ થી ૪ ગુણસ્થાનક સુધી હોય છે.

૨૧૫. દેવાયુષ્યના સંવેધ ભાંગા કેટલા થાય ?કયા?

ઉ. પાંચ ભાંગા થાય તે આ પ્રમાણે

૧. અબંધ-દેવયુષ્યનો ઉદય-દેવાયુષ્યની સત્તા.

૨. તિર્યઁચ - દેવાયુ - તિર્યઁચ - દેવની સત્તા

૩. મનુષ્ય - દેવાયુ - મનુષ્ય - દેવની સત્તા

૪. અબંધ - દેવાયુ - તિર્યઁચ - દેવની સત્તા

૫. અબંધ - દેવાયુ - મનુષ્ય - દેવની સત્તા

૨૧૬. દેવાયુષ્યનો પહેલો ભાંગો કયારે હોય? કેટલા ગુણઠાણામાં હોય ?

ઉ. અબંધ, દેવાયુ દેવની સત્તા. આ ભાંગો જયાં સુધી દેવો આયુષ્યનો બંધ ન કરે ત્યાં સુધીના કાળમાં હોય છે તથા ૧ થી ૪ ગુણસ્થાનકમાં હોય છે.

૨૧૭. દેવાયુષ્યનો બીજો ભાંગો કયારે હોય? કેટલા ગુણઠાણામાં હોય ?

ઉ. તિર્યઁચ - દેવ - તિર્યઁચ દેવની સત્તા. આ ભાંગો તિર્યઁચાયુષ્યના બંધકાળમાં વિદ્યમાન જીવોને હોય પહેલા તથા બીજા ગુણસ્થાનકમાં હોયછે.

૨૧૮. દેવાયુષ્યનો ત્રીજો ભાંગો કયારે હોય ? કેટલા ગુણસ્થાનકમાં હોય ?

ઉ. મનુષ્ય - દેવ - મનુષ્યદેવની સત્તા આ ભાંગો મનુષ્યાયુષ્ય ના બંધકાળમાં વિદ્યમાન જીવોને હોય.પહેલા બીજા અને ચોથા ગુણસ્થાનકમાં હોય છે.

૨૧૯. દેવાયુષ્યનો ચોથો ભાંગો કયારે હોય કેટલા ગુણઠાણામાં હોય ?

ઉ. અબંધ - દેવ - તિર્યઁચ દેવની સત્તા આ ભાંગો તિર્યઁચાયુના બંધ પછીના કાલે વિદ્યમાન જીવોને હોય છે ૧ થી ૪ ગુણસ્થાનકમાં હોય.

૨૨૦. દેવાયુષ્યનો પાંચમો ભાંગો કયારે હોય કેટલા ગુણઠાણામાં હોય ?

ઉ. અબંધ-દેવ મનુષ્ય-દેવની સત્તા આ ભાંગો મનુષ્યાયુષ્યના બંધ પછીના કાળમાં વિધમાન જીવોને હોય તથા ૧ થી ૪ ગુણસ્થાનકમાં હોય છે.

૨૨૧. આયુષ્યકર્મનાં કુલ સંવેધ ભાંગા કેટલા થાય ? કયા ?

ઉ. અઠ્ઠાવીશ ભાંગા થાય નરકના - ૫, તિર્યઁચના - ૯, મનુષ્યનાં - ૯, તથા દેવના - ૫=૨૮ થાય છે.

૨૨૨. પહેલા ગુણસ્થાનકે આયુષ્યનાં ભાંગા કુલ કેટલા હોય ?

ઉ અઠ્ઠાવીશ નરકનાં - ૫, તિર્યંચ - ૯, મનુષ્ય -૯, દેવ - ૫ =૨૮

૨૨૩. બીજા ગુણસ્થાનકે આયુષ્યનાં ભાંગા કેટલા હોય ?

ઉ છવ્વીશ ભાંગા - નરકના - ૫, દેવના -૫, તિર્યંચના - ૮ (નરકાયુના બંધના સિવાયના) મનુષ્યના - ૮ (નરકાયુના બંધના સિવાયના ) જાણવા = ૨૬

૨૨૪. ત્રીજા ગુણસ્થાનકે આયુષ્યનાં કેટલા ભાંગા હોય ?

ઉ સોળ ભાંગા નરકના - ૩ (ત્રણ અબંધકાળના) દેવના-૩(ત્રણ અબંધકાળના) તિર્યંચના-૫, મનુષ્યનાં-૫ (અબંધ કાળના) = ૧૬ જાણવા. ત્રીજા ગુણસ્થાનકે આયુષ્યનો બંધ હોતો નથી.

૨૨૫. ચોથા ગુણસ્થાનકે આયુષ્યનાં કેટલા ભાંગા હોય ?

ઉ વીશ ભાંગા. નરકનાં-૪ (ત્રણ અબંધ, ૧ મનુષ્યાયુના બંધનો) દેવના ૪ (ત્રણ અબંધના-૧ મનુષ્યઆયુના બંધનો) તિર્યંચના-૬ (૫ અબંધના, ૧ દેવાયુના બંધનો) મનુષ્ય-૬ (૫ અબંધના-૧ દેવાયુના બંધનો) =૨૦

૨૨૬. પાંચમા ગુણસ્થાનકે આયુના કેટલા ભાંગા હોય?

ઉ બાર ભાંગા, તિર્યંચ-૬ (૫ અબંધ + ૧ દેવાયુ બંધનો), મનુષ્યના=૬ (૫ અબંધના + ૧ દેવાયુ બંધનો)

૨૨૭. છટ્ઠે ગુણઠાણે આયુના કેટલા ભાંગા હોય?

ઉ છ ભાંગા, મનુષ્ય-૬ (૫ અબંધના + ૧ દેવાયુ બંધનો)

૨૨૮. સાતમા ગુણઠાણે આયુના કેટલા ભાંગા હોય ?

ઉ છ અથવા પાંચ (પાંચ અબંધના + ૧ દેવાયુ બંધનો) અથવા (પાંચઅબંધના) જાણવા.

૨૨૯. આઠમા ગુણઠાણે આયુના કેટલા ભાંગા હોય ?

ઉ બે (બે આયુષ્યના અબંધ કાળના જાણવા)

૨૩૦. નવમા થી અગ્યારમા ગુણસ્થાનક સુધી આયુના કેટલા ભાંગા હોય ?

ઉ બે ભાંગા (બે અબંધકાળના)

અબંધ, મનુષ્ય, મનુષ્યની સત્તા

અબંધ, મનુષ્ય, દેવ મનુષ્યની સત્તા

૨૩૧. બારથી ચૌદગુણસ્થાનકમાં આયુમા કેટલા ભાંગા હોય ?

ઉ એક ભાંગો, અબંધ, મનુષ્ય મનુષ્યની સત્તા.

૨૩૨. સૂક્ષ્મ અપર્યાપ્તાથી ચઉરિન્દ્રિય પર્યાપ્તા સુધીના દશ જીવ ભેદને વિષે આયુષ્યનાં ભાંગા કેટલા હોય ?

ઉ પાંચ ભાંગા.૧. અબંધ - તિર્યંચ - તિર્યંચ

૨. તિર્યંચ - તિર્યંચ - તિર્યંચતિર્યંચ

૩. મનુષ્ય - તિર્યંચ - મનુષ્યતિર્યંચ

૪. અબંધ - તિર્યંચ - તિર્યંચતિર્યંચ

૫. અબંધ - તિર્યંચ - મનુષ્યતિર્યંચ

૨૩૩. અસન્ની અપર્યાપ્તાજીવોમાં આયુષ્યનાં કુલ ભાંગા કેટલા હોય?કયા?

ઉ દશ

૧. અબંધ - તિર્યંચ - તિર્યંચ

૨. તિર્યંચ - તિર્યંચ - તિર્યંચતિર્યંચ

૩. મનુષ્ય - તિર્યંચ - મનુષ્યતિર્યંચ

૪. અબંધ - તિર્યંચ - તિર્યંચતિર્યંચ

૫. અબંધ - તિર્યંચ - મનુષ્યતિર્યંચ

૬. અબંધ - મનુષ્ય - મનુષ્ય

૭. તિર્યંચ - મનુષ્ય - મનુષ્યતિર્યંચ

૮. મનુષ્ય - મનુષ્ય - મનુષ્યમનુષ્ય

૯. અબંધ - મનુષ્ય - તિર્યંચમનુષ્ય

૧૦. અબંધ - મનુષ્ય - મનુષ્યમનુષ્ય

૨૩૪. અસન્ની પર્યાપ્તા જીવોમાં આયુષ્યનાં કેટલા ભાંગા હોય ?

ઉ પાંચ ભાંગા

૧. અબંધ - તિર્યંચ - તિર્યંચ

૨. તિર્યંચ - તિર્યંચ - તિર્યંચતિર્યંચ

૩. મનુષ્ય - તિર્યંચ - તિર્યંચમનુષ્ય

૪. અબંધ - તિર્યંચ - તિર્યંચતિર્યંચ

૫. અબંધ - તિર્યંચ - મનુષ્યતિર્યંચ

૨૩૫. સન્ની અપર્યાપ્તા જીવોમાં આયુષ્યનાં કેટલા ભાંગા હોય ?

ઉ. ૧૨ ભાંગા.

૧. અબંધ - નરક - નરક

૨. અબંધ - તિર્યંચ - તિર્યંચ

૩. તિર્યંચ - તિર્યંચ - તિર્યંચતિર્યંચ

૪. મનુષ્ય - તિર્યંચ - મનુષ્યતિર્યંચ

૫. અબંધ - તિર્યંચ - તિર્યંચતિર્યંચ

૬. અબંધ - તિર્યંચ - મનુષ્યતિર્યંચ

૭. અબંધ - મનુષ્ય - મનુષ્ય

૮. તિર્યંચ - મનુષ્ય - તિર્યંચમનુષ્ય

૯. મનુષ્ય - મનુષ્ય - મનુષ્યમનુષ્ય

૧૦. અબંધ - મનુષ્ય - તિર્યંચમનુષ્ય

૧૧. અબંધ - મનુષ્ય - મનુષ્યમનુષ્ય

૧૨. અબંધ - દેવ - દેવ

૨૩૬. સન્ની પર્યાપ્તા જીવોને આયુષ્યનાં કુલ ભાંગા કેટલા હોય ?

ઉ. અઠ્ઠાવીશ ભાંગા હોય. નરક - ૫, તિર્યંચના - ૯, મનુષ્ય -૯, દેવ - ૫ =૨૮ થાય.

*બાસઠ માર્ગણાને વિષે મૂલકર્મ તથા ઉત્તર છ કર્મોનાં બંધસ્થાનો, ઉદય સ્થાનો, સત્તાસ્થાનો તથા સંવેધ ભાંગાઓનું વર્ણન.*

૨૩૭. આઠ કર્મનું બંધ સ્થાન કેટલી માર્ગણામાં હોય ? કઈ ?

ઉ. પંચાવન માર્ગણામાં-૪ ગતિ, ૫જાતિ, ૬-કાય, ૩યોગ, ૩ વેદ,૪ કષાય, પહેલા ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુધ્ધ, દેશવિરતિ, અવિરતિ, ૩ દર્શન, ૬ લેશ્યા, ભવ્ય, અભવ્ય, મિથ્યાત્વ, સાસ્વાદન, ક્ષયોપશમ, ક્ષાયિક, સન્ની, અસન્ની, આહારી =૫૫

૨૩૮. સાતકર્મનું બંધસ્થાન કેટલી માર્ગણામાં હોય ? કઈ ?

ઉ. અટ્ઠાવન માર્ગણામાં હોય, ૪-ગતિ, ૫જાતિ, ૬-કાય, ૩-યોગ, ૩-વેદ, ૪-કષાય, પહેલા ૪-જ્ઞાન, ૩-અજ્ઞાન, સામાયિક, છેદોપસ્થાપનીય પરિહારવિશુધ્ધ, દેશવિરતિ, અવિરતિ, ૩દર્શન, ૬લેશ્યા, ભવ્ય, અભવ્ય, ૬ સમકીત, સન્ની, અસન્ની, આહારી, અણાહારી = ૫૮

૨૩૯. છકર્મનું બંધસ્થાન કેટલી માર્ગણામાં હોય ? કઈ ?

ઉ. એકવીશ = મનુષ્યગતિ, પંચેન્દ્રિજાતિ, ત્રિસકાય, ૩-યોગ, લોભકષાય, પહેલા ૪-જ્ઞાન, સૂક્ષ્મ સંપરાય, ૩-દર્શન, શુકલલેશ્યા, ભવ્ય, સન્ની, ઉપશમ, ક્ષાયિક, આહારી.

૨૪૦. એકકર્મનું બંધસ્થાન કેટલી માર્ગણામાં હોય ? કઈ ?

ઉ. ત્રેવીશ માર્ગણામાં = મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, પાંચ જ્ઞાન, યથાખ્યાત ચારિત્ર ૪-દર્શન, શુકલલેશ્યા, ભવ્ય, ઉપશમ, ક્ષાયિક, સન્ની, આહારી,અણાહારી.

૨૪૧. ચારેય બંધસ્થાનો વાળી માર્ગણાઓ કેટલી હોય ? કઈ ?

ઉ. અઢાર માર્ગણા = મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, પહેલા ૪-જ્ઞાન, ૩-દર્શન, શુકલ લેશ્યા, ભવ્ય, ક્ષાયિક, સન્ની, આહારી = ૧૮

૨૪૨. આઠ-સાત-છ આ ત્રણ બંધસ્થાનો કેટલી માર્ગણામાં હોય ?

ઉ. એક લોભકષાય માર્ગણામાં

૨૪૩. સાત-છ-એક આ ત્રણ બંધસ્થાનો કેટલી માર્ગણામાં હોય ?

ઉ. એક ઉપશમ સમકિત માર્ગણામાં

૨૪૪. સાત અને એક બે બંધસ્થાન કેટલી માર્ગણામાં હોય ?

ઉ. એક અણાહારી માર્ગણામાં

૨૪૫. આઠ અને સાત બે બંધસ્થાનો કેટલી માર્ગણામાં હોય?

ઉ. છત્રીસ માર્ગણા-નરકગતિ, તિર્યંચગતિ,દેવગતિ, એકેન્દ્રિયાદિ ૪-જાતિ, પૃથ્વીકાયાદિપાંચકાય, ૩-વેદ, ક્રોધ-માન-માયા, ૩-અજ્ઞાન પહેલી પાંચલેશ્યા, અભવ્ય, મિથ્યાત્વ, સાસ્વાદન, ક્ષયોપશમ, સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુધ્ધ, દેશવિરતિ, અવિરતિ,

અસન્ની = ૩૬

૨૪૬. છ પ્રકૃતિનું એક જ બંધસ્થાન કેટલી માર્ગણામાં હોય ? કઈ ?

ઉ. એક - સૂક્ષ્મસંપરાયમાર્ગણા

૨૪૭. સાત પ્રકૃતિનું એક જ બંધસ્થાન કેટલી માર્ગણામાં હોય ?

ઉ. એક મિશ્રસમ્યક્ત્વ

૨૪૮. એક જ પ્રકૃતિનું બંધસ્થાન કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ત્રણ કેવલજ્ઞાન, યથાખ્યાત ચારિત્ર, કેવલદર્શન.

૨૪૯. કેટલા કેટલા બંધસ્થાનોમાં કેટલી માર્ગણાઓ હોય ?

ઉ. ચારેય બંધસ્થાનો વાળી ૧૮ માર્ગણાઓ

ત્રણ બંધસ્થાનો વાળી ૨ માર્ગણાઓ

બે બંધસ્થાનો વાળી ૩૭ માર્ગણાઓ

એક બંધસ્થાન વાળી ૫ માર્ગણઓ

કુલ ૬૨ માર્ગણા થાય.

૨૫૦. આઠ પ્રકૃતિનું ઉદયસ્થાન કેટલી માર્ગણામાં હોય ? કઈ ?

ઉ. ઓગણસાઠ (૫૯) ૪ ગતિ, ૫ જાતિ, ૬, કાય, ૩-યોગ, ૩-વેદ, ૪-કષાય, પહેલા ૪-જ્ઞાન, ૩-અજ્ઞાન,યથાખ્યાત સિવાય ૬-સંયમ, ૩-દર્શન, ૬-લેશ્યા, ભવ્ય, અભવ્ય, ૬-સમકીત, સન્ની, અસન્ની, આહારી અણાહારી = ૫૯

૨૫૧. સાત પ્રકૃતિનું ઉદયસ્થાન કેટલી માર્ગણામાં હોય ? કઈ ?

ઉ. વીશ માર્ગણામાં હોય, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩ યોગ પહેલા ૪-જ્ઞાન, યથાખ્યાતસંયમ, ૩-દર્શન, શુકલલેશ્યા, ભવ્ય, ક્ષાયિક, સન્ની, આહારી, ઉપશમ સમકીત = ૨૦

૨૫૨. ચાર પ્રકૃતિનું ઉદય સ્થાન કેટલી માર્ગણામાં હોય ? કઈ ?

ઉ. પંદર માર્ગણામાં-મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ,કેવલ જ્ઞાન, યથાખ્યાતસંયમ, કેવલદર્શન, શુકલલેશ્યા, ભવ્ય, ક્ષાયિકસમકીત સન્ની, આહારી,અણાહારી = ૧૫

૨૫૩. ત્રણેય ઉદયસ્થાનકો કેટલી માર્ગણામાં હોય ? કઈ ?

ઉ. અગ્યાર-મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩ યોગ, શુકલ લેશ્યા, ક્ષાયિક સમકીત, સન્ની તથા આહારી, ભવ્ય.

૨૫૪. આઠ અને સાત બે ઉદય સ્થાનકોવાળી માર્ગણા કેટલી હોય ?

ઉ. આઠ માર્ગણા. પહેલા ૪ જ્ઞાન, ૩ દર્શન, ઉપશમ સમકીત.

૨૫૫. સાત અને ચાર બે ઉદયસ્થાનકોમાં માર્ગણા કેટલી હોય ?

ઉ. એક યથાખ્યાતસંયમ.

૨૫૬. આઠ અને ચાર બે ઉદયસ્થાનકોમાં કેટલી માર્ગણા હોય ?

ઉ. એક અણાહારી.

૨૫૭. આઠનું જ ઉદયસ્થાન કેટલી માર્ગણામાં હોય ? કઈ ?

ઉ. ૩૯ નરકગતિ, તિર્યંચગતિ, દેવગતિ,એકેન્દ્રિયાદિ ૪ જાતિ, પૃથ્વીકાયાદિ -૫, ૩-વેદ, ૪-કષાય, યથાખયાત વિના ૬ સંયમ, પહેલી પાંચલેશ્યા, અભવ્ય, અસન્ની, ૩ અજ્ઞાન, મિથ્યાત્વ, મિશ્ર, ક્ષયોપશમ સાસ્વાદન = ૩૯

૨૫૮. એક ચાર પ્રકૃતિનું ઉદયસ્થાન કેટલી માર્ગણામાં હોય ?

ઉ. બે કેવલજ્ઞાન, કેવલદર્શન

૨૫૯. ત્રણે ઉદયસ્થાનોની માર્ગણા સંખ્યા કઈરીતે જણાય ?

ઉ. ત્રણેય ઉદયસ્થાનકોવાળી ૧૧ માર્ગણા હોય
બે ઉદયસ્થાનકોવાળી ૧૦ માર્ગણા હોય
એક ઉદયસ્થાનકવાળી ૪૧ માર્ગણા હોય
કુલ ૬૨ માર્ગણા થાય છે.

૨૬૦. આઠ પ્રકૃતિનું સત્તાસ્થાન કેટલી માર્ગણામાં હોય ? કઈ ?

ઉ. ૬૦, ૪ ગતિ, ૫ જાતિ, ૬ કાય, ૩ યોગ, ૩ વેદ, ૪ કષાય, ૪ જ્ઞાન, ૩, અજ્ઞાન, ૭ સંયમ, ૩ દર્શન, ૬ લેશ્યા, ભવ્ય, અભવ્ય, ૬ સમકીત, સંજ્ઞી, અસન્ની, આહારી, અણાહારી = ૬૦

૨૬૧. સાત પ્રકૃતિનું સત્તાસ્થાન કેટલી માર્ગણામાં હોય ? કઈ ?

ઉ. ૧૯ માર્ગણા, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, ૪-જ્ઞાન, યથાખ્યાત સંયમ, ૩-દર્શન, શુકલલેશ્યા, ભવ્ય, ક્ષાયિક,

આહારી, સન્ની = ૧૯

૨૬૨. ચાર પ્રકૃતિનું સત્તાસ્થાન કેટલી માર્ગણામાં હોય ? કઈ ?

ઉ. ૧૫ મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩ યોગ, કેવલ જ્ઞાન, યથાખ્યાતસંયમ, કેવલદર્શન, શુકલલેશ્યા, ભવ્ય, ક્ષાયિકસમકીત, સન્ની, આહારી તથા અણાહારી = ૧૫

૨૬૩. ત્રણેય સત્તાસ્થાનો કેટલી માર્ગણામાં હોય ? કઈ ?

ઉ. ૧૨. મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, યથાખ્યાત, શુકલલેશ્યા, ભવ્ય, ક્ષાયિક, સન્ની, આહારી = ૧૨

૨૬૪. આઠ અને સાત બે સત્તાસ્થાનો કેટલી માર્ગણામાં હોય ? કઈ ?

ઉ. સાત માર્ગણામાં હોય , ૪-જ્ઞાન ૩-દર્શન.

૨૬૫. આઠ અને ચાર બે સત્તાસ્થાનો કેટલી માર્ગણામાં હોય ?

ઉ. એક અણાહારી માર્ગણામાં હોય.

૨૬૬. આઠનું એક જ સત્તાસ્થાન કટેલી માર્ગણામાં હોય ?

ઉ. ૪૦ માર્ગણામાં હોય. નરકગતિ, તિર્યંચગતિ, દેવગતિ, એકેન્દ્રિયાદિ-૪, પૃથ્વીકાયાદિ-૫, ૩-વેદ, ૪-કષાય, ૩-અજ્ઞાન, યથાખ્યાત સિવાય ૬ સંયમ, પહેલી પાંચલેશ્યા, અભવ્ય, ક્ષાયિક વિના પાંચ સમકીત, અસન્ની.

૨૬૭. ચાર પ્રકૃતિનું એક જ સત્તાસ્થાન કેટલી માર્ગણામાં હોય ? કઈ ?

ઉ. બે માર્ગણામાં-કેવલજ્ઞાન, કેવલદર્શન.

૨૬૮. મૂલ કર્મોનાં સત્તાસ્થાનોમાં બાસઠ માર્ગણાની સંખ્યા કઈ રીતે ?

ઉ.

| | |
|---|---|
| ત્રણેય સત્તાસ્થાનોવાળી | ૧૨ |
| બે સત્તાસ્થાનોવાળી | ૮ |
| એક સત્તાસ્થાનવાળી | ૪૨ |
| કુલ | ૬૨ |

૨૬૯. મૂલકર્મનો પહેલો ભાંગો કેટલી માર્ગણામાં હોય ? કઈ ?

ઉ. ૮.૮.૮. આ ભાંગો ૫૫ માર્ગણામાં હોય.

૪-ગતિ, ૫-જાતિ, ૬-કાય, ૩યોગ, ૩-વેદ, ૪-કષાય, ૪-જ્ઞાન, ૩-

અજ્ઞાન સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધ, દેશવિરતિ, અવિરતિ, ૩-દર્શન, ૬-લેશ્યા, ભવ્ય, અભવ્ય, અસન્ની, આહારી, મિથ્યાત્વ, સાસ્વાદન, ક્ષયોપશમ, ક્ષાયિક, સન્ની.

૨૭૦. બીજો સંવેધ ભાંગો કેટલી માર્ગણામાં હોય ? કઈ ?

ઉ. ૭.૮.૮. આ ભાંગો ૫૮ માર્ગણામાં હોય.૪-ગતિ, ૫-જાતિ, ૬-કાય, ૩-યોગ, ૩-વેદ, ૪-કષાય, ૪-જ્ઞાન, ૩-અજ્ઞાન, સામાયિક, છેદોપ સ્થાપનીય, પરિહારવિશુધ્ધ, દેશવિરતિ, અવિરતિ, ૩-દર્શન, ૬-લેશ્યા, ભવ્ય, અભવ્ય, ૬-સમકીત, સન્ની, અસન્ની, આહારી અણાહારી = ૫૮

૨૭૧. ત્રીજો સંવેધ ભાંગો કેટલી માર્ગણામાં હોય ? કઈ ?

ઉ. ૬.૮.૮. આ ભાંગો ૨૧ માર્ગણામાં હોય.

મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, લોભકષાય, ૪-જ્ઞાન, સૂક્ષ્મસંપરાય, ૩-દર્શન, શુકલ લેશ્યા, ભવ્ય, ઉપશમ. ક્ષાયિક,સન્ની આહારી = ૨૧

૨૭૨. ચોથા સંવેધ ભાંગામાં કેટલી માર્ગણાઓ હોય ? કઈ ?

ઉ ૧.૭.૮ આ ભાંગો ૨૦ માર્ગણામાં હોય.

મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, ૪-જ્ઞાન, યથાખ્યાત, ૩-દર્શન, શુકલલેશ્યા, ભવ્ય, ઉપશમ, ક્ષાયિક, સન્ની, આહારી.

૨૭૩. પાંચમો સંવેધ ભાંગો કેટલી માર્ગણામાં હોય ? કઈ ?

ઉ. આ ભાંગો ૧૯ માર્ગણામાં. મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ,યથાખ્યાત, ૪-જ્ઞાન, ૩-દર્શન, શુકલલેશ્યા, ભવ્ય, ક્ષાયિક સમકીત, સંજ્ઞી-આહારી

૨૭૪. છટ્ઠો સંવેધ ભાંગો કેટલી માર્ગણામાં હોય ? કઈ ?

ઉ. ૧.૪.૪ આ ભાંગો ૧૫ માર્ગણામાં-મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ કેવલજ્ઞાન, યથાખ્યાતસંયમ , કેવલદર્શન, શુકલલેશ્યા, ભવ્ય, ક્ષાયિક, સજ્ઞી-આહારી - અણાહારી.

૨૭૫. સાતમો સંવેધ ભાંગો કેટલી માર્ગણામાં હોય ? કઈ ?

ઉ. ૦.૪.૪ આ ભાંગો - ૧૦ માર્ગણામાં-મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ,

ત્રસકાય, કેવલજ્ઞાન, યથાખ્યાત, કેવલદર્શન, ક્ષાયિક, સન્ની, અણાહારી, ભવ્ય = ૧૦.

૨૭૬. સાત સંવેધ ભાંગા હોય એવી માર્ગણાઓ કેટલી હોય ?

ઉ. છ માર્ગણા-મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ભવ્ય, ક્ષાયિકસમકીત, સન્ની.

૨૭૭. પહેલા છ સંવેધ ભાંગા હોય તેવી માર્ગણાઓ કેટલી ?

ઉ. પાંચ, ૩-યોગ, શુકલલેશ્યા, આહારી.

૨૭૮. પહેલા પાંચ સંવેધ ભાંગા હોય તેવી માર્ગણાઓ કેટલી ?

ઉ. સાતમાર્ગણા, ૪-જ્ઞાન અને ૩-દર્શન.

૨૭૯. છેલ્લા ચાર ભાંગા હોય એવી માર્ગણાઓ કેટલી ?

ઉ. એક યથાખ્યાતસંયમ.

૨૮૦. પહેલા ત્રણસંવેધ ભાંગાવાળી માર્ગણાઓ કેટલી ?

ઉ. એક લોભકષાય.

૨૮૧. બે ત્રણ ચાર આત્રણ સંવેધભાંગાવાળી માર્ગણાઓ કેટલી ?

ઉ. એક ઉપશમસમકીત.

૨૮૨. બે છ સાત આ ત્રણ ભાંગાવાળી માર્ગણાઓ કેટલી ?

ઉ. એક અણાહારી.

૨૮૩. પહેલા બે સંવેધ ભાંગાવાળી માર્ગણાઓ કેટલી ?

ઉ. ૩૬ માર્ગણા-નરકગતિ, તિર્યંચગતિ, દેવગતિ,એકન્દ્રિયાદિ ૪-જાતિ, પૃથ્વીકાયાદિ ૫-કાય, ૩-વેદ, ક્રોધ-માન-માયા, ૩-અજ્ઞાન સામાયિક-છેદોપસ્થાપનીય, પરિહાર વિશુધ્ધ, દેશવિરતિ, અવિરતિ, પહેલી પાંચલેશ્યા, અભવ્ય, મિથ્યાત્વ, સાસ્વાદન, ક્ષયોપશમ, અસન્ની.

૨૮૪. છેલ્લા બે ભાંગા કેટલી માર્ગણાઓમાં હોય ? કઈ ?

ઉ. બે માર્ગણા. કેવલજ્ઞાન, કેવલદર્શન.

૨૮૫. બીજો સંવેધ ભાંગો કેટલી માર્ગણામાં હોય ?

ઉ. એક મિશ્રસમકીત.

૨૮૬. ત્રીજો એક જ ભાંગો હોય એવી માર્ગણાઓ કેટલી ?

ઉ. એક જ સૂક્ષ્મસંપરાયસંયમ.

૨૮૭. સાતેય ભાંગાઓની કુલ માર્ગણા સંખ્યા કેટલી હોય ?

| | | | |
|---|---|---|---|
| ઉ. | એક ભાંગાવાળી | ૨ | માર્ગણા |
| | બે ભાંગાવાળી | ૩૬ | માર્ગણા |
| | ત્રણ ભાંગાવાળી | ૩ | માર્ગણા |
| | ચાર ભાંગાવાળી | ૩ | માર્ગણા |
| | પાંચ ભાંગાવાળી | ૭ | માર્ગણા |
| | છ ભાંગાવાળી | ૫ | માર્ગણા |
| | સાત ભાંગાવાળી | ૬ | માર્ગણા |
| | કુલ | ૬૨ | માર્ગણા હોય છે. |

૨૮૮. પહેલો સંવેધ ભાંગો કેટલા યોગ ઉપયોગ લેશ્યાદિમાં હોય ?

ઉ. ૧૧-યોગ (૪ મનનાં, ૪ વચનનાં, ઔદારિક, વૈક્રિય, આહારકયોગ) ૧૦ ઉપયોગ (૪-જ્ઞાન, ૩-અજ્ઞાન, ૩-દર્શન), ૬ લેશયા.

૨૮૯. બીજો સંવેધ ભાંગો કેટલા યોગ ઉપયોગ લેશ્યામાં હોય ?

ઉ. ૧૫-યોગ, ૧૦-ઉપયોગ (૪-જ્ઞાન, ૩-અજ્ઞાન, ૩-દર્શન) ૬-લેશ્યા.

૨૯૦. ત્રીજો સંવેધભાંગો કેટલા યોગ ઉપયોગ લેશ્યામાં હોય ?

ઉ. ૯-યોગ (૪ મનનાં, ૪ વચનનાં, ઔદારિકકાયયોગ), ૭-ઉપયોગ,(૪-જ્ઞાન, ૩-દર્શન) ૧ શુકલલેશ્યા.

૨૯૧. ચોથો સંવેધ ભાંગો કેટલા યોગ ઉપયોગ લેશ્યામાં હોય ?

ઉ. ૯-યોગ (૪-મનનાં,૪-વચનનાં, ઔદારિકકાયયોગ, ૭ ઉપયોગ (૪-જ્ઞાન, ૩-દર્શન), ૧ શુકલ લેશ્યા.

૨૯૨. પાંચમો સંવેધ ભાંગો કેટલા યોગ ઉપયોગ લેશ્યામાં હોય ?

ઉ. ૯-યોગ (૪ મનનાં, ૪ વચનનાં, ઔદારિકકાયયોગ, ૭ ઉપયોગ (૪ જ્ઞાન, ૩-દર્શન) ૧ શુકલલેશ્યા.

૨૯૩. છટ્ઠો સંવેધ ભાંગો કેટલા યોગ ઉપયોગ લેશ્યામાં હોય ?

ઉ. ૭ યોગ (પહેલા છેલ્લો મનયોગ, પહેલો છેલ્લો વચનયોગ, ઔદારિક, ઔદારિક મિશ્ર, કાર્મણ) ૨ ઉપયોગ (કેવલજ્ઞાન, કેવલ દર્શન) ૧

શુકલ લેશ્યા.

૨૯૪. સાતમો સંવેધ ભાંગો કેટલા યોગ ઉપયોગ લેશ્યામાં હોય ?

ઉ. ૦-યોગ, ૨ ઉપયોગ (કેવલજ્ઞાન, કેવલદર્શન) ૦-લેશ્યા.

૨૯૫. નરક તિર્યંચ,દેવગતિને વિષે બંધસ્થાન, ઉદયસ્થાન, સત્તા સ્થાન તથા સંવેધ ભાંગા કેટલા હોય ?

ઉ. બે બંધસ્થાન (૭-૮), ૧. ઉદય સ્થાન (૮), ૧-સત્તાસ્થાન (૮) સંવેધ ભાંગા-૨ ૮.૮.૮.,૭.૮.૮.

૨૯૬. મનુષ્યગતિને વિષે બંધસ્થાન-ઉદયસ્થાન-સત્તાસ્થાન તથા સંવેધ ભાંગા કેટલા હોય ?

ઉ. ચાર બંધસ્થાન-ત્રણ ઉદય સ્થાન-ત્રણ સત્તાસ્થાન - તથા સાત સંવેધ ભાંગા હોય.

૨૯૭. એકેન્દ્રિયાદિ ચાર જાતિને વિષે બંધસ્થાન-ઉદય સ્થાન-સત્તા સ્થાન તથા સંવેધ ભાંગા કેટલા હોય ?

ઉ. બે બંધસ્થાન (૭-૮), એક ઉદય સ્થાન (૮), ૧-સત્તાસ્થાન (૮) તથા બે સંવેધ ભાંગા ૮.૮.૮. - ૭.૮.૮.

૨૯૮. પંચેન્દ્રિય જાતિને વિષે બંધસ્થાન, ઉદયસ્થાન, સત્તાસ્થાન તથા સંવેધ ભાંગા કેટલા હોય ?

ઉ. ચાર બંધસ્થાન, ૩-ઉદયસ્થાન, ૩-સત્તાસ્થાન તથા સાત સંવેધ ભાંગા હોય.

૨૯૯. પૃથ્વીકાયાદિ પાંચ કાયને વિષે બંધસ્થાન, ઉદયસ્થાન સત્તાસ્થાન તથા સંવેધ ભાંગા કેટલા હોય ?

ઉ. બે બંધસ્થાન (૭-૮), એક ઉદય સ્થાન (૮), એક સત્તા સ્થાન (૮), બે સંવેધ ભાંગા ૮.૮.૮., ૭.૮.૮.

૩૦૦. ત્રસકાયને વિષે બંધસ્થાન-ઉદય સ્થાન-સત્તાસ્થાન તથા સંવેધ ભાંગા કેટલા હોય ?

ઉ. ચાર બંધસ્થાન, ત્રણ ઉદયસ્થાન, ત્રણ સત્તાસ્થાન તથા સાત સંવેધ ભાંગા હોય છે.

૩૦૧. ત્રણ યોગને વિષે બંધસ્થાન-ઉદયસ્થાન-સત્તાસ્થાન તથા સંવેધ ભાંગા કેટલા હોય ?

ઉ. ચાર બંધસ્થાન-ત્રણ ઉદયસ્થાન-ત્રણ સત્તાસ્થાન તથા સાત સંવેધ ભાંગા હોય છે.

૩૦૨. ત્રણ વેદને વિષે તથા ત્રણ કષાયને વિષે બંધસ્થાન, ઉદયસ્થાન, સત્તાસ્થાન તથા સંવેધ ભાંગા કેટલા હોય ?

ઉ. બે બંધસ્થાન (૭-૮) એક ઉદય સ્થાન (૮), એક સત્તા સ્થાન (૮), બે સંવેધ ભાંગા ૮.૮.૮., ૭.૮.૮.

૩૦૩. લોભ કષાયને વિષે બંધસ્થાન-ઉદયસ્થાન-સત્તાસ્થાન તથા સંવેધ ભાંગા કેટલા હોય ?

ઉ. ત્રણ બંધસ્થાન (૮,૭,૬) એક ઉદયસ્થાન (૮), એક સત્તાસ્થાન (૮), ત્રણ સંવેધ ભાંગા ૮.૮.૮., ૭.૮.૮., ૬.૮.૮. હોય.

૩૦૪. પહેલા ચાર જ્ઞાનને વિષે બંધસ્થાન-ઉદયસ્થાન-સત્તાસ્થાન-તથા સંવેધ ભાંગાદિ કેટલા હોય ?

ઉ. ચાર બંધસ્થાન, બં ઉદયસ્થાન (૭-૮), બે સત્તાસ્થાન (૭-૮) પાચ સંવેધ ભાંગા ૮૮૮, ૭૮૮, ૬૮૮, ૧૭૭ હોય.

૩૦૫. કેવલજ્ઞાનને વિષે બંધસ્થાન-ઉદયસ્થાન-સત્તાસ્થાન તથા સંવેધ ભાંગા કેટલા હોય ?

ઉ. એક બંધસ્થાન (૧) એક ઉદય સ્થાન (૪) એક સત્તા સ્થાન (૪) બે સંવેધ ભાંગા હોય ૧.૪.૪., ૦.૪.૪.

૩૦૬. ત્રણ અજ્ઞાન અને ત્રણ સામાયિકાદિ સંયમને વિષે બંધસ્થાન-ઉદય સ્થાન-સત્તાસ્થાન તથા સંવેધ ભાંગા કેટલા હોય ?

ઉ. બે બંધસ્થાન (૭,૮), એક ઉદય સ્થાન (૮), એક સત્તાસ્થાન (૮), બે સંવેધ ભાંગા ૮.૮.૮., ૭.૮.૮.

૩૦૭. સૂક્ષ્મસંપરાયને વિષે બંધસ્થાન-ઉદયસ્થાન-સત્તાસ્થાન તથા સંવેધ ભાંગા કેટલા હોય ?

ઉ. એક બંધસ્થાન (૬), એક ઉદય સ્થાન (૮), એક સત્તાસ્થાન (૮), એક સંવેધ ભાંગો ૬.૮.૮.

૩૦૮. યથાખ્યાતચારિત્રને વિષે બંધસ્થાન-ઉદયસ્થાન-સત્તાસ્થાન તથા સંવેધ ભાંગા કેટલા હોય ?

ઉ. બંધસ્થાન ૧ (૧), બે ઉદયસ્થાન (૭,૪), ત્રણ સત્તાસ્થાન

(૮,૭,૪)ચાર સંવેધ ભાંગા હોય. (૧,૭,૮,. ૧,૭,૭,. ૧,૪,૪,૦,૪,૪)

૩૦૯. દેશવિરતિ અવિરતિને વિષે બંધસ્થાન-ઉદયસ્થાન-સત્તાસ્થાન તથા સંવેધભાંગા કેટલા હોય ?

ઉ. બે બંધસ્થાન (૭,૮), એક ઉદય સ્થાન (૮), એક સત્તા સ્થાન (૮), બે સંવેધ ભાંગા, ૮.૮.૮.,૭.૮.૮.

૩૧૦. પહેલા ત્રણ દર્શનને વિષે બંધસ્થાન-ઉદય સ્થાન-સત્તા સ્થાન તથા સંવેધ ભાંગા કેટાલ હોય ?

ઉ. ચાર બંધસ્થાન(૮,૭,૬,૧) બે ઉદયસ્થાન (૮,૭) બે સત્તાસ્થાન (૮,૭)પાંચ સંવેધ ભાંગા, ૮.૮.૮, ૭.૮.૮., ૧.૭.૮.,૧.૭.૭.,૬.૮.૮. હોય.

૩૧૧. કેવલ દર્શનને વિષે બંધસ્થાન-ઉદયસ્થાન-સંત્તાસ્થાન તથા સંવેધ ભાંગા કેટલા હોય ?

ઉ. એક બંધસ્થાન (૧) એક ઉદયસ્થાન (૪), એક સત્તાસ્થાન (૪), બે સંવેધ ભાંગા ૧.૪.૪., ૦.૪.૪.

૩૧૨. પહેલી પાંચ લેશ્યાને વિષે બંધસ્થાન-ઉદયસ્થાન-સત્તાસ્થાન તથા સંવેધ ભાંગા કેટલા હોય ?

ઉ. બે બધસ્થાન (૭,૮), એક ઉદયસ્થાન (૮), એક સત્તાસ્થાન (૮), બે સંવેધ ભાંગા ૮.૮.૮., ૭.૮.૮.

૩૧૩. શુકલ લેશ્યાને વિષે બંધસ્થાન-ઉદયસ્થાન-સત્તાસ્થાન તથા સંવેધ ભાંગા કેટલા હોય ?

ઉ. ચાર બંધસ્થાન, ત્રણ ઉદયસ્થાન, ત્રણસત્તાસ્થાન છેલ્લા સિવાયના, ૬ સંવેધ ભાંગા જાણવા.

૩૧૪. ભવ્ય-ક્ષાયિક-સન્ની માર્ગણાને વિષે બંધસ્થાન-ઉદયસ્થાન-સત્તાસ્થાન તથા સંવેધ ભાંગા કેટલા હોય ?

ઉ. ચારબંધસ્થાન ત્રણ ઉદયસ્થાન ત્રણ સત્તાસ્થાન તથા સાત (સઘળા) સંવેધ ભાગા હોય છે.

૩૧૫. અભવ્ય-મિથ્યાત્વ-સાસ્વાદન-અસન્ની માર્ગણાને વિષે બંધસ્થાન

ઉદયસ્થાન-સત્તાસ્થાન સંવેધ ભાંગા કેટલા હોય ?

ઉ. બે બંધસ્થાન એક ઉદય સ્થાન (૮), એક સત્તાસ્થાન (૮), બે સંવેધ ભાંગા ૮.૮.૮, ૭.૮.૮.

૩૧૬. ક્ષયોપશમ સમકીતને વિષે, બંધસ્થાન-ઉદયસ્થાન-સત્તાસ્થાન તથા સંવેધ ભાંગા કેટલા હોય ?

ઉ. બે બંધસ્થાન (૭,૮), એક ઉદયસ્થાન (૮), બે સંવેધ ભાંગા ૮.૮.૮.,૭.૮.૮

૩૧૭. ઉપશમસમકીતને વિષે બંધસ્થાન-ઉદયસ્થાન-સંવેધ ભાંગાદિ કેટલા હોય ?

ઉ. ત્રણ બંધસ્થાન (૭,૬,૧), બે ઉદયસ્થાન (૮,૭), એક સત્તા સ્થાન (૮), ત્રણ સંવેધ ભાંગા, ૭,૮,૮,. ૬,૮,૮, ૧,૭,૮

૩૧૮. મિશ્ર સમકીતને વિષે બંધસ્થાન-ઉદયસ્થાન-સત્તાસ્થાન તથા સંવેધભાંગા કેટલા હોય ?

ઉ. એક બંધસ્થાન (૭), એક ઉદય સ્થાન (૮), એક સત્તાસ્થાન (૮), એક સંવેધ ભાંગો (૭,૮,૮)

૩૧૯. આહારી માર્ગણાને વિષે બંધસ્થાન-ઉદયસ્થાન-સત્તાસ્થાન તથા સંવેધભાંગા કેટલા હોય ?

ઉ. ચાર બંધસ્થાન-ત્રણ ઉદયસ્થાન-ત્રણ સત્તાસ્થાન છેલ્લા સિવાયના છ સંવેધ ભાંગા હોય છે.

૩૨૦. અણાહારી માર્ગણાને વિષે બંધસ્થાન-ઉદયસ્થાન-સત્તાસ્થાન-સંવેધભાંગા કેટલા હોય ?

ઉ. બે બંધસ્થાન (૭,૧), બે ઉદયસ્થાન (૮,૪) બે સત્તાસ્થાન (૮,૪) ત્રણ સંવેધભાંગા (૭,૮,૮, ૧,૪,૪, ૦,૪,૪)

૩૨૧. કોઈપણ એક સંવેધ ભાંગા વાળી માર્ગણા કેટલી હોય ?

ઉ. બે. ૧. સૂક્ષ્મસંપરાયચારિત્ર, ૨. મિશ્રસમકીત

૩૨૨. કોઈપણ બે ભાંગાવાળી માર્ગણાઓ કેટલી ?

ઉ. ૩૮. નરક-તિર્યંચ, દેવગતિ, એકેન્દ્રિયાદિ ૪ જાતિ, પૃથ્વીકાયાદિ ૫-

કાય, ૩-વેદ, ૩-કષાય, કેવલજ્ઞાન, ૩-અજ્ઞાન, સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધ, દેશવિરતિ, અવિરતિ, કેવલદર્શન, પહેલી પાંચ લેશ્યા, અભવ્ય, ક્ષયોપશમ, મિથ્યાત્વ, સાસ્વાદન, અસન્ની.

૩૨૩. કોઈપણ ત્રણ સંવેધ ભાંગાવાળી માર્ગણાઓ કેટલી ?

ઉ. ત્રણ લોભ, ઉપશમ સમકીત, અણાહારી.

૩૨૪. કોઈપણ ચાર ભાંગાવાળી માર્ગણાઓ કેટલી ?

ઉ. એક યથાખ્યાત ચારિત્ર.

૩૨૫. કોઈપણ પાંચ ભાંગાવાળી માર્ગણાઓ કેટલી ?

ઉ. સાત, ૪-જ્ઞાન, ૩-દર્શન.

૩૨૬. કોઈપણ છ ભાંગાવાળી માર્ગણાઓ કેટલી ?

ઉ. પાંચ, ૩-યોગ, શુકલલેશ્યા, આહારી.

૩૨૭. સાતેય ભાંગાવાળી માર્ગણાઓ કેટલી હોય ?

ઉ. ૬. મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ભવ્ય, જ્ઞાયિક તથા સન્ની માર્ગણા હોય.

૩૨૮. કયા કયા ભાંગાની માર્ગણાઓ સાથે કુલ માર્ગણા કેટલી થાય ?

ઉ. ૬૨ આ પ્રમાણે

| | | |
|---|---|---|
| એક ભાંગાવાળી | ૨ | માર્ગણા |
| બે ભાંગાવાળી | ૩૮ | માર્ગણા |
| ત્રણ ભાંગાવાળી | ૩ | માર્ગણા |
| ચાર ભાંગાવાળી | ૧ | માર્ગણા |
| પાંચ ભાંગાવાળી | ૭ | માર્ગણા |
| છ ભાંગાવાળી | ૫ | માર્ગણા |
| સાત ભાંગાવાળી | ૬ | માર્ગણા |
| | ૬૨ | માર્ગણા થાય છે. |

૩૨૯. પહેલા ભાંગાનો કાળ કેટલો હોય ?

ઉ. ૮.૮.૮ નો કાળ જધન્ય-ઉત્કૃષ્ટ એક અંત મુંહૂર્ત

૩૩૦. બીજા સંવેધ ભાંગાનો કાળ કેટલો હોય ?

ઉ. ૭, ૮, ૮ ભાંગાનો કાળ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પૂર્વક્રોડ વર્ષનો ત્રીજો ભાગ અધિક ૬ માસ ન્યૂન ૩૩ સાગરોપમ હોય છે.

૩૩૧. ત્રીજા ભાંગાનો કાળ કેટલો હોય ?

ઉ. ૬, ૮, ૮ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ એક અંતર્મુહૂર્ત.

૩૩૨. ચોથા ભાંગાનો કાળ કેટલો હોય ?

ઉ. ૧, ૭, ૮ નો કાળ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત

૩૩૩. પાંચમા ભાંગાનો કાળ કેટલો હોય ?

ઉ. ૧, ૭, ૭ નો કાળ જઘન્ય-ઉત્કૃષ્ટ એક અંતર્મુહૂર્ત

૩૩૪. છટ્ઠા ભાંગાનો કાળ કેટલો હોય ?

ઉ. ૧, ૪, ૪ ભાંગાનો કાળ જઘન્ય એક અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ દેશઉન (નવવર્ષન્યૂન) પૂર્વક્રોડ વરસ.

૩૩૫. સાતમા ભાંગાનો કાળ કેટલો હોય ?

ઉ. ૦.૪.૪ નો કાળ જઘન્ય-ઉત્કૃષ્ટથી પાંચ હ્રસ્વાક્ષર જેટલો હોય છે એટલે કે અસંખ્યાત સમય જેટલો કાળ હોય છે.

૩૩૬. જ્ઞાનાવરણીયનું બંધસ્થાન કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૫૯ માર્ગણામાં હોય. કેવલજ્ઞાન, કેવલદર્શન, યથાખ્યાત આ ત્રણ સિવાયની જાણવી.

૩૩૭. જ્ઞાનાવરણીયનું ઉદયસ્થાન કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૬૦ માર્ગણામાં કેવલજ્ઞાન, કેવલદર્શન સિવાયની જાણવી.

૩૩૮. જ્ઞાનાવરણીયનું સત્તાસ્થાન કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૬૦ માર્ગણામાં કેવલજ્ઞાન, કેવલદર્શન સિવાયની જાણવી.

૩૩૯. જ્ઞાનાવરણીયનો પહેલો ભાંગો કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૫૯ માર્ગણમાં કેવલજ્ઞાન, કેવલદર્શન, યથાખ્યાત ચારિત્ર સિવાયની જાણવી (૫, ૫, ૫).

૩૪૦. જ્ઞાનાવરણીયનો બીજો ભાંગો કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૦.૫.૫-૨૦ માર્ગણામાં હોય, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય,

૩ યોગ, યથાખ્યાતચારિત્ર, ૩ દર્શન, શુકલલેશ્યા, ભવ્ય, ક્ષાયિક સમકીત, ઉપશમ સમકીત, સન્ની, આહારી. ૪ જ્ઞાન.

૩૪૧. જ્ઞાનાવરણીયનો પહેલો ભાંગો જ હોય એવી માર્ગણા કેટલી ?

ઉ. ૪૦ હોય, નરક, તિર્યંચ, દેવગતિ, એકન્દ્રિયાદિ ૪ જાતિ, પૃથ્વીકાયાદિ ૫ કાય, ૩ વેદ, ૪-કષાય ૩-અજ્ઞાન, યથાખ્યાત સિવાય ૬ સંયમ, પહેલી પાંચ લેશ્યા, અભવ્ય, મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર, ક્ષયોપશમ, અસન્ની અણાહારી = ૪૦.

૩૪૨. જ્ઞાનાવરણીયનો બીજો ભાંગો જ હોય એવી માર્ગણા કેટલી ?

ઉ. એક યથાખ્યાતસંયમ.

૩૪૩. જ્ઞાનાવરણીયના બન્ને ભાંગા હોય એવી માર્ગણા કેટલી ?

ઉ. ૧૯. મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, ૪-જ્ઞાન, ૩-દર્શન, શુકલ, ભવ્ય, ક્ષાયિક, ઉપશમ, સન્ની, આહારી.

૩૪૪. જ્ઞાનાવરણીયનો એકેય ભાંગો ન હોય એવી માર્ગણા કેટલી ?

ઉ. બે કેવલજ્ઞાન, કેવલદર્શન.

૩૪૫. જ્ઞાનાવરણીયનાં ભાંગાઓ બાસઠ માર્ગણામાં કઈ રીતે જણાય ?

| | | | |
|---|---|---|---|
| ઉ. | પહેલો ભાંગો | ૪૦ | માર્ગણામાં |
| | બીજો ભાંગો | ૧ | માર્ગણામાં |
| | બન્ને ભાંગા | ૧૯ | માર્ગણામાં |
| | ન હોય એવી | ૨ | માર્ગણા |
| | કુલ | ૬૨ | માર્ગણા થાય છે. |

૩૪૬. અંતરાયકર્મનું બંધસ્થાન કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૫૯ કેવલજ્ઞાન, કેવલદર્શન, યથાખ્યાત ચારિત્ર ત્રણ સિવાયની જાણવી.

૩૪૭. અંતરાયકર્મનું ઉદયસ્થાન કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૬૦ કેવલજ્ઞાન, કેવલદર્શન સિવાયની જાણવી.

૩૪૮. અંતરાયકર્મનું સત્તાસ્થાન કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૬૦ કેવલજ્ઞાન, કેવલદર્શન સિવાયની માર્ગણા જાણવી.

૩૪૯. અંતરાયકર્મનો પહેલો ભાંગો કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૫૯, ૪ ગતિ, ૫ જાતિ, ૬-કાય, ૩-યોગ, ૩-વેદ, ૪-જ્ઞાન, ૩-અજ્ઞાન યથાખ્યાત સિવાય ૬-સંયમ, ૩-દર્શન, ૬-લેશ્યા, ભવ્ય, અભવ્ય, ૬ સમકીત, સન્ની, અસન્ની, આહારી, અણાહારી, ૪ કષાય.

૩૫૦. અંતરાયકર્મનો બીજો ભાંગો કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૨૦. મનુષ્ય ગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, ૪-જ્ઞાન યથાખ્યાતસંયમ, ૩-દર્શન, શુકલલેશ્યા, ભવ્ય, જ્ઞાયિક, ઉપશમ, સન્ની આહારી.

૩૫૧. અંતરાયકર્મનો પહેલો ભાંગો જ કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૪૦. નરક, તિર્યંચ, દેવગતિ, એકન્દ્રિયાદિ ૪-જાતિ, પૃથ્વીકાયાદિ ૫-કાય, ૩-વેદ, ૪-કષાય, ૩-અજ્ઞાન, ૬-સંયમ, પહેલી પાંચ લેશ્યા, અભવ્ય, મિથ્યાત્વ, સાસ્વાદન મિશ્ર, ક્ષયોપશમ, અસન્ની, અણાહારી.

૩૫૨. અંતરાયકર્મનો બીજો જ ભાંગો કેટલી માર્ગણામાં હોય ?

ઉ. એક જ યથાખ્યાતસંયમ.

૩૫૩. અંતરાયકર્મના બન્ને ભાંગા કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૧૯. મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, ૪-જ્ઞાન, ૩-દર્શન, શુકલ લેશ્યા, ભવ્ય, ક્ષાયિક, ઉપશમ, સન્ની, આહારી.

૩૫૪. અંતરાયકર્મનો એકેય ભાંગો ન હોય એવી માર્ગણા કેટલી ?

ઉ. બે કેવલજ્ઞાન, કેવલદર્શન.

૩૫૫. અંતરાય કર્મના ભાંગાવાળી માર્ગણા સંખ્યા કઈ રીતે ?

| | | | |
|---|---|---|---|
| ઉ. | પહેલા એક ભાંગાવાળી | ૪૦ | માર્ગણા |
| | બીજા ભાંગાવાળી | ૧ | માર્ગણા |
| | બન્ને ભાંગાવાળી | ૧૯ | માર્ગણા |
| | ભાંગા ન હોય એવી | <u>૨</u> | માર્ગણા |
| | કુલ | ૬૨ | માર્ગણા થાય છે. |

૩૫૬. દર્શનાવરણીયકર્મનું પહેલું બંધસ્થાન કેટલી માર્ગણામાં હોમ ?

ઉ. નવ પ્રકૃતિનું ૪૫ માર્ગણામાં હોય. ૪ગતિ, ૫જાતિ, ૬-કાય, ૩-યોગ,

૩-વેદ, ૪-કષાય, ૩-અજ્ઞાન, અવિરતિ, ૨ દર્શન, ૬ લેશ્યા, ભવ્ય અભવ્ય, મિથ્યાત્વ, સાસ્વાદન, સન્ની, અસન્ની, આહારી, અણાહારી.

૩૫૭. દર્શનાવરણીયનું બીજું બંધસ્થાન કેટલી માર્ગણામાં હોય ?

ઉ. છ પ્રકૃતિનું ૪૫ માર્ગણામાં. ૪ ગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, ૩-વેદ, ૪-કષાય, ૪-જ્ઞાન, ૩-અજ્ઞાન, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત સિવાય, ૫-સંયમ ૩-દર્શન, ૬ લેશ્યા, ભવ્ય, મિશ્ર, ક્ષાયિક, ઉપશમ, ક્ષયોપશમ, સન્ની, આહારી, અણાહારી.

૩૫૮. દર્શનાવરણીયનું ત્રીજું બંધસ્થાન કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૨૯ માર્ગણામાં (ચાર પ્રકૃતિનું), મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, ૩-વેદ, ૪-કષાય, ૪-જ્ઞાન, સામાયિક, છેદોપસ્થાપનીય, સૂક્ષ્મસંપરાય, ૩-દર્શન, શુકલલેશ્યા, ભવ્ય, ક્ષાયિક, ઉપશમ, સન્ની, આહારી = ૨૯.

૩૫૯. દર્શનાવરણીયના ત્રણેય બંધસ્થાનો કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૧૯, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, ૩-વેદ, ૪-કષાય, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, શુકલવેશ્યા, ભવ્ય, સન્ની, આહારી.

૩૬૦. દર્શનાવરણીયનાં નવ અને છ બે બંધસ્થાનો કેટલી માગર્ણામાં હોય ?

ઉ. ૧૩, નરક-તિર્યંચ, દેવગતિ, અવિરતિસંયમ, પાંચ લેશ્યા, ૩ અજ્ઞાન અણાહારી.

૩૬૧. દર્શનાવરણીયનાં છ અને ચાર બે બંધસ્થાનો કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૯, ૪ જ્ઞાન, અવધિદર્શન, સામાયિક, છેદોપસ્થાપનીય, ક્ષાયિક, અને ઉપશમસમકીત.

૩૬૨. દર્શનાવરણીયનુ એક નવનું જ બંધસ્થાન કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૧૩-એકેન્દ્રિયાદિ ૪ જાતિ, પૃથ્વીઆદિ ૫કાય, અભવ્ય, મિથ્યાત્વ સાસ્વાદન, અસન્ની.

૩૬૩. દર્શનાવરણીયનુ એક છનું જ બંધસ્થાન હોય તેવી માર્ગણા કેટલી હોય?

ઉ. ૪, પરિહારવિશુદ્ધ, દેશવિરતી, ક્ષયોપશમ, મિશ્રસમકીત.

૩૬૪. દર્શનાવરણીયનુ ચારનું જ બંધસ્થાનવાળી માર્ગણા કેયલી હોય ?

ઉ. એક સૂક્ષ્મસંપરાય.

૩૬૫. એકેય બંધસ્થાન ન હોય એવી માર્ગણા કેટલી ?

ઉ. ત્રણ કેવલજ્ઞાન, યથાખ્યાતસંયમ, કેવલદર્શન.

૩૬૬. દર્શનાવરણીયના બંધસ્થાનમાં કુલ માર્ગણાઓ કઈ રીતે હોય ?

| | | |
|---|---|---|
| ઉ. ત્રણેય બંધસ્થાનો વાળી | ૧૯ | માર્ગણા |
| પહેલા બે બંધસ્થાનવાળી | ૧૩ | માર્ગણા |
| બીજા ત્રીજા બંધસ્થાનવાળી | ૯ | માર્ગણા |
| નવનું જ બંધસ્થાનવાળી | ૧૩ | માર્ગણા |
| છનું જ બંધસ્થાનવાળી | ૪ | માર્ગણા |
| ચારનું જ બંધસ્થાનવાળી | ૧ | માર્ગણા |
| બંધસ્થાન ન હોય એવી | ૩ | માર્ગણા |
| કુલ | ૬૨ | માર્ગણા થાય છે. |

૩૬૭. દર્શનાવરણીયકર્મનાં બન્ને ઉદયસ્થાનો કેટલી માર્ગણાઓમાં હોય ?

ઉ. ૬૦ કેવલજ્ઞાન, કેવલદર્શન, બે સિવાયની જાણવી.

૩૬૮. દર્શનાવરણીયનું નવનું સત્તાસ્થાન કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૫૮ માર્ગણામાં હોય, ૪-ગતિ, ૫-જાતિ, ૬-કાય, ૩-યોગ, ૩-વેદ, ૪-કષાય, ૪-જ્ઞાન, ૩-અજ્ઞાન, સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધ દેશવિરતિ, અવિરતિ, ૩-દર્શન, ૬-લેશ્યા, ભવ્ય, અભવ્ય ૬ સમકીત સન્ની, અસન્ની, આહારી, અણાહારી = ૫૮.

૩૬૯. દર્શનાવરણીયનું છનું સત્તાસ્થાન કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૨૯. મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, ૩-વેદ, ૪-કષાય, ૪-જ્ઞાન, સામાયિક છેદોપસ્થાપનીય, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત, ૩-દર્શન શુકલ લેશ્યા, ભવ્ય, ક્ષાયિક, સન્ની, આહારી.

૩૭૦. દર્શનાવરણીયનું ચારનું સત્તાસ્થાન કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૧૯, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, ૪-જ્ઞાન, યથાખ્યાતસંયમ, ૩-દર્શન, શુકલલેશ્યા, ભવ્ય, જ્ઞાયિક, સન્ની, આહારી.

૩૭૧. દર્શનાવરણીયનાં ત્રણેય સત્તાસ્થાનો હોય એવી માર્ગણાઓ કેટલી હોય?

ઉ. ૧૯. મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, ૪-જ્ઞાન,

યથાખ્યાતસંયમ, ૩-દર્શન, શુકલલેશ્યા, ભવ્ય, જ્ઞાયિક, સન્ની, આહારી.

૩૭૨. દર્શનાવરણીયના (૯-૬) બે સંત્તાસ્થાનોવાળી માર્ગણાઓ કેટલી ?

ઉ. ૧૦, ૩-વેદ, ૪-કષાય, સામાયિક, છેદોપસ્થાપનીય, સૂક્ષ્મસંપરાય,

૩૭૩. દર્શનાવરણીયનુ નવનું જ સત્તાસ્થાન કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૩૧. નરક, તિર્યંચ, દેવગતિ, એકન્દ્રિયાદિ ૪ જાતિ, પૃથ્વકિયાદિ ૫-કાય, ૩-અજ્ઞાન, દેશવિરતિ, અવિરતિ, પરિહારવિશુદ્ધિ, પહેલી પાંચ લેશ્યા, અભવ્ય, ક્ષાયિક વિના ૫-સમકીત, અસન્ની, અણાહારી.

૩૭૪. દર્શનાવરણીયનુ છનું સત્તાસ્થાન કેટલી માર્ગમામાં હોય ?

ઉ. ૧ સૂક્ષ્મ સંપરાય.

૩૭૫. દર્શનાવરણીયના સત્તાસ્થાન ન હોય એવી માર્ગણા કેટલી ?

ઉ. ૨. કેવલજ્ઞાન, કેવલદર્શન.

૩૭૬. દર્શનાવરણીયના સત્તાસ્થાનોવાળી માર્ગણા સંખ્યા કઈ રીતે ?

| | | |
|---|---|---|
| ઉ. ત્રણેય સત્તાસ્થાનોવાળી | ૧૯ | માર્ગણા |
| બે સત્તાસ્થાનોવાળી | ૧૦ | માર્ગણા |
| એક સત્તાસ્થાનવાળી | ૩૧ | માર્ગણા |
| એક્કેય સત્તાસ્થાન ન હોય એવી | ૨ | માર્ગણા |
| | ૬૨ | માર્ગણા થાય. |

૩૭૭. દર્શનાવરણીયનો પહેલો ભાંગો કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૯, ૪, ૯ આ ભાંગો ૪૫ માર્ગણામાં હોય.

૪-ગતિ, ૫ જાતિ, ૬-કાય, ૩-યોગ, ૩-વેદ, ૩-અજ્ઞાન, ૪-કષાય, અવિરતિ, ૨-દર્શન, ૬-લેશ્યા, ભવ્ય, અભવ્ય, મિથ્યાત્વ, સાસ્વાદન, સન્ની, અસન્ની, આહારી, અણાહારી.

૩૭૮ દર્શનાવરણીયનો બીજો ભાંગો કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૯, ૫, ૯ આ ભાંગો ૪૪ માર્ગણામાં હોય.

૪-ગતિ, ૫-જાતિ, ૬-કાય, ૩-યોગ, ૩-વેદ, ૪-કષાય, ૩-અજ્ઞાન અવિરતિ, ૨-દર્શન, ૬-લેશ્યા, ભવ્ય, અભવ્ય, મિથ્યાત્વ, સાસ્વાદન, સન્ની, અસન્ની, આહારી.

૩૭૯. દર્શનાવરણીયનો ત્રીજો ભાંગો કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૬, ૪, ૯ આ ભાંગો ૪૫ માર્ગણામાં હોય.

૪-ગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, ૩-વેદ, ૪-કષાય, ૪-જ્ઞાન, ૩-અજ્ઞાન, સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધ, દેશવિરતિ, અવિરતિ, ૩-દર્શન, ૬-લેશ્યા, ભવ્ય, મિશ્ર, ક્ષયોપશમ, ક્ષાયિક, ઉપશમ, સન્ની, આહારી, અણાહારી.

૩૮૦. દર્શનાવરણીયનો ચોથો ભાંગો કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૪૪ માર્ગણામાં હોય. (૬, ૫, ૯) ૪ ગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, ૩-વેદ, ૪-કષાય, ૪-જ્ઞાન, ૩-અજ્ઞાન, સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધ, દેશવિરતિ-અવિરતિ, ૩-દર્શન, ૬ લેશ્યા, ભવ્ય, મિશ્ર, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, સન્ની, આહારી.

૩૮૧. દર્શનાવરણીયનો પાંચમો ભાંગો કેટલી માર્ગણામાં હોય ?

ઉ. (૪, ૪, ૯) ૨૮ માર્ગમામાં હોય. મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, ૩-વેદ, ૪-કષાય, ૪-જ્ઞાન, સામાયિક, છેદોપસ્થાપનીય, ૩-દર્શન, શુક્લલેશ્યા, ભવ્ય, ક્ષાયિક, ઉપશમ, સન્ની, આહારી.

૩૮૨. દર્શનાવરણીયનો છટ્ઠો ભાંગો કેટલી માર્ગણામાં હોય ?

ઉ. (૪, ૫, ૯) આ ભાંગો ૨૮ માર્ગણામાં હોય, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, ૩-વેદ, ૪-કષાય, ૪-જ્ઞાન, સામાયિક, છેદોપસ્થાપનીય, ૩-દર્શન, શુક્લલેશ્યા, ભવ્ય, ક્ષાયિક, ઉપશમ, સન્ની આહારી.

૩૮૩. દર્શનાવરણીયનો સાત્તમો ભાંગો કેટલી માર્ગણામાં હોય ?

ઉ. (૪, ૪, ૬) આ ભાંગો ૨૮ માર્ગણામાં હોય. મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, ૩-વેદ, ૪-કષાય, ૪-જ્ઞાન, સામાયિક, છેદોપસ્થાપનીય, સૂક્ષ્મસંપરાય, ૩-દર્શન, શુકલ લેશ્યા, ભવ્ય, ક્ષાયિક, સંન્ની, આહારી.

૩૮૪. દર્શનાવરણીયનો આઠમો ભાંગો કેટલી માર્ગણામાં હોય ?

ઉ. (૪, ૫, ૬) આ ભાંગો ૨૮ માર્ગણામાં હોય. મનુષ્યગતિ,

પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, ૩-વેદ, ૪-કષાય, ૪-જ્ઞાન, સામાયિક, છેદોપસ્થાપનીય, સૂક્ષ્મસંપરાય, ૩-દર્શન, શુકલલેશ્યા, ભવ્ય-ક્ષાયિક, સન્ની, આહારી.

૩૮૫. દર્શનાવરણીયના નવ દશ બે ભાંગા કેટલી માર્ગણામાં હોય ?

ઉ. (૦.૪.૯,૦.૫.૯) આ ભાંગા ૨૦ માર્ગણામાં હોય. મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, ૪-જ્ઞાન, યથાખ્યાત, ૩-દર્શન, શુકલલેશ્યા, ભવ્ય, ઉપશમ, ક્ષાયિક, સન્ની, આહારી.

૩૮૬. દર્શનાવરણીયના અગ્યાર બાર બે ભાંગા કેટલી માર્ગણામાં હોય ?

ઉ. (૦,૪,૬,૦,૫,૬) આ ભાંગા ૧૯ માર્ગણામાં હોય. મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, ૪-જ્ઞાન, યથાખ્યાત, ૩-દર્શન, શુકલલેશ્યા, ભવ્ય, ક્ષાયિક, સન્ની, આહારી.

૩૮૭. દર્શનાવરણીયનો તેરમો ભાંગો કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૧૯ માર્ગણામાં હોય (૦.૪.૪), મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, ૪-જ્ઞાન, યથાખ્યાત, ૩-દર્શન, શુકલલેશ્યા, ભવ્ય, ક્ષાયિક, સન્ની, આહારી.

૩૮૮. છટ્ઠા કર્મગ્રંથના આધારે દર્શનાવરણીયના કેટલા ભાંગા હોય ?

ઉ. ૧૧ ભાંગા હોય, તેર નહિ. કારણકે ક્ષપકશ્રેણીમાં નિદ્રાનો ઉદય હોતો નથી.

૩૮૯. દર્શનાવરણીયના તેર ભાંગાવાળી માર્ગણાઓ કેટલી હોય ?

ઉ. ૧૨, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩-યોગ, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, શુકલલેશ્યા, ભવ્ય, સન્ની, આહારી.

૩૯૦. દર્શનાવરણીયના અગ્યાર ભાંગા કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૩ થી ૧૩ ભાંગા. ૬ માર્ગણામાં હોય
૪-જ્ઞાન, અવધિદર્શન, ક્ષાયિક સમકીત.

૩૯૧. દર્શનાવરણીયના ૮ (આઠ) ભાંગા કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૧ થી ૮ ભાંગા સાત માર્ગણામાં હોય ૩-વેદ, ૪-કષાય.

૩૯૨. દર્શનાવરણીયના છ ભાંગા કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૩ થી ૮ ભાંગા બે માર્ગણામાં હોય સામાયિક, છેદોપસ્થાપનીય.

૩૯૩. દર્શનાવરણીયના છ ભાંગા કેટલી માર્ગણામાં હોય ?

ઉ. (૩ થી ૬-૯-૧૦) ભાંગાવાળી એક ઉપશમ સમકીત માર્ગણા.

૩૯૪. દર્શનાવરણીયના પાંચ ભાંગાવાળી કેટલી માર્ગણા હોય ?

ઉ. (૯ થી ૧૩) વાળી એક માર્ગણા યથાખ્યાત ચારિત્ર.

૩૯૫. દર્શનાવરણીયના ચાર ભાંગાવાળી કેટલી માર્ગણા હોય ?

ઉ. (૧ થી ૪) ભાંગાવાળી ૧૩ માર્ગણા હોય, નરક, તિર્યંચ, દેવગતિ, ૩-અજ્ઞાન, અવિરતિસંયમ, પહેલી પાંચ લેશ્યા, અણાહારી.

૩૯૬. દર્શનાવરણીયના ચાર ભાંગાવાળી માર્ગણા કેટલી હોય ?

ઉ. (૫ થી ૮) ભાંગા, એક માર્ગણા. સૂક્ષ્મસંપરાયચારિત્ર

૩૯૭. દર્શનાવરણીયના બે ભાંગાવાળી કેટલી માર્ગણા હોય ?

ઉ. (૧-૨) ભાંગાવાળી ૧૩ માર્ગણા હોય. એકેન્દ્રિયાદિ ૪ જાતિ, પૃથ્વી આદિ પાંચ કાય, અભવ્ય, મિથ્યાત્વ, સાસ્વાદન, અસન્ની.

૩૯૮. દર્શનાવરણીયના બે ભાંગાવાળી કેટલી માર્ગણા હોય ?

ઉ. (૩-૪) ભાંગાવાળી ૪ માર્ગણા, પરિહારવિશુદ્ધ, દેશવિરતિ, મિશ્ર સમકીત, ક્ષયોપશમસમકીત.

૩૯૯. દર્શનાવરણીયના એકેય ભાંગા ન હોય એવી માર્ગણા કેટલી હોય ?

ઉ. બે કેવલજ્ઞાન કેવલદર્શન.

૪૦૦. દર્શનાવરણીયના ભાંગાઓની માર્ગણાની સંખ્યા કઈ રીતે જણાય ?

ઉ.

| | | |
|---|---|---|
| તેર ભાંગાઓવાળી | ૧૨ | માર્ગણા |
| અગ્યાર ભાંગાવાળી | ૬ | માર્ગણા |
| આઠ ભાંગાવાળી | ૭ | માર્ગણા |
| છ ભાંગાવાળી | ૩ | માર્ગણા |
| પાંચ ભાંગાવાળી | ૧ | માર્ગણા |
| ચાર ભાંગાવાળી | ૧૪ | માર્ગણા |
| બે ભાંગાવાળી | ૧૭ | માર્ગણા |
| એકેય ન હોય એવી | ૨ | માર્ગણા |
| | ૬૨ | માર્ગણા હોય |

૪૦૧. અશાતા વેદનીયનું બંધસ્થાન કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૫૮, ૪-ગતિ, ૫-જાતિ, ૬-કાય, ૩-યોગ, ૩-વેદ, ૪-કષાય, ૪-જ્ઞાન, ૩-અજ્ઞાન, સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધ, દેશવિરતિ, અવિરતિ, ૩-દર્શન, ૬-લેશ્યા, ભવ્ય, અભવ્ય, ૬-સમકીત, સન્ની, અસન્ની, આહારી, અણાહારી.

૪૦૨. શાતાવેદનીયનો બંધ કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૬૨ માર્ગણામાં હોય છે.

૪૦૩. શાતા-અશાતાનો ઉદય કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૬૨ માર્ગણામાં હોય.

૪૦૪. શાતા અશાતા બન્નેની સત્તા કેટલી માર્ગણામાં હોય ?

ઉ. ૬૨ માર્ગણામાં હોય છે.

૪૦૫. પહેલા બે ભાંગા કેટલી માર્ગણામાં હોય ?

ઉ. (અશા, અશા-૨ અશા,શાતા-૨) આ ભાંગા ૫૮ માર્ગણામાં હોય કેવલજ્ઞાન, કેવલદર્શન, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત સિવાય જાણવી.

૪૦૬. વેદનીયના ત્રીજા ચોથા ભાંગામાં કેટલી માર્ગણાઓ હોય ?

ઉ. (શાતા, અશાતા-૨, શાતા, શાતા-૨) આ ભાંગા ૬૨ માર્ગણામાં હોય.

૪૦૭. વેદનીયના પાંચમા છટ્ઠા ભાંગામાં કેટલી માર્ગણાઓ હોય ?

